Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ स्रग्धरावृत्तम् ॥

अस्त्येतत्पुत्रपौत्रादिकमखिलमहो बन्धनायैव लोके,
द्रव्यं चातिप्रमाणं मदमलिनधियां केवलं दुःखदं स्यात् ।
नित्यं तच्चिन्तयित्वा मतिमलहतये प्राप्तये ज्ञानराशेर्,
आत्मानन्द प्रकाशं विदधतु हृदयेऽज्ञाननाशाय जैनाः ॥ १ ॥

पु. २२. | वीर सं. २४५०. भाद्रपद. आत्म सं. २९ | अंक २ जो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा-भावनगर

विषयानुक्रमणिका.


| विषय. | पृष्ठ. | विषय | पृष्ठ. |
|---|---|---|---|
| १ भारी. ... ... | ... २९ | ५ दुःख रहस्य.... ... | ... ४५ |
| २ श्रीमद् देवचंद्रजी, तेमनुं जीवन अने गुर्जर साहित्य. ... | ... ३० | ६ ऐतिहासिक नोंध. ... | ... ४७ |
| | | ७ शिक्षक अने शिक्षण. ... | ... ५२ |
| ३ विश्वरचना प्रबंध. ... | ... ३७ | ८ वर्तमान समाचार. ... | ... ५३ |
| ४ असार संसार विषे. ... | ... ४४ | ९ ग्रंथावलोकन. ... | ... ५४ |


वार्षिक मूल्य रु. १) टपाल खर्च आना ४.

आनंद प्रीन्टींग प्रेसमां शाह गुलाबचंद लल्लुभाइए छाप्युं-भावनगर.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એકવીશમા અને બાવીશમા બંને વર્ષની અપૂર્વ ભેટ.
# આદર્શ જૈન સ્ત્રીરત્નો.

નીચેની ભેટની બુકના વી૦ પી૦ શરૂ થયેલ છે. દરેક ગ્રાહક બંધુઓને ગયા માસમાં જણાવેલ મુજબ વી૦ પી૦ સ્વીકારી લેવા વિનંતિ છે. આવા અપૂર્વ ગ્રંથનો લાભ ચુકવા જેવું નથી.

ચારિત્ર્ય વિકાસ માટે, ઉત્તમ ચારિત્રવાન અને સદ્દગુણી બનવા માટે, શાસ્ત્રકાર મહારાજે મહાન સ્ત્રી, પુરૂષોના ઉંચા આદર્શને નજર સામે રાખીને, પોતાના જીવનમાં ઉતારવાને અભ્યાસ કરવાની બતાવેલી જરૂરીયાત આ ગ્રંથમાં આવેલી સ્ત્રીરત્નોની કથા પુરી પાડે છે; તેટલું જ નહીં, પરંતુ આ કથાઓ એટલી બધી સરલ, સુંદર, રસિક, પ્રભાવશાળી, ગૌરવતાપુર્ણ, ચમત્કારિક અને ઉપદેશક છે કે તે મનનપૂર્વક વાંચતાં દરેક બ્હેનો આદર્શ સતીરૂપ બની, તેમના ચારિત્રનો વિકાસ થતાં પોતાના આત્મા માટે મોક્ષ નજીક લાવી મુકે છે. દરેક મનુષ્યને પ્રાતઃકાળમાં સ્મરણ કરવા યોગ્ય, દરેક બ્હેનોને પોતાનું ચારિત્ર્ય ખીલવી જીવનને કર્તવ્યપરાયણ અને પોતાનો સંસાર-વ્યવહાર સુખમય બનાવી, મનુષ્ય જન્મનું સાર્થક કરવા માટે આ ગ્રંથ ઉત્તમોત્તમ એક આલંબનરૂપ છે. **સતી ચરિત્રની આ કથાઓ સાથે સ્ત્રી કેળવણી કેટલી જરૂરીયાતની છે ? સ્ત્રી કેળવણી કેવી હોવી જોઇએ ? અને સાથે સ્ત્રી હિતબોધ અમૂલ્ય વચનોનું પણ આ ગ્રંથમાં વિસ્તારથી વિવેચન કરવામાં આવેલું છે.** આવો ઉપદેશક, અને પઠન પાઠન કરવા યોગ્ય આ અપૂર્વ ગ્રંથ આ વર્ષે અમારા સુજ્ઞ ગ્રાહક બંધુઓને ભેટ આપવાનું ચાલુ છે.

અમારા ગ્રાહક બંધુઓ બે વર્ષની ભેટની બુકના લવાજમનું વી૦ પી૦ સ્વિકારી લઇ જ્ઞાનખાતને નુકશાન કરશેજ નહીં, એમ અમોને સંપૂર્ણ ભરોંસો છે.

---

## અમારા માનવંતા લાઇફ મેમ્બરોને ભેટ.

**૧ શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર. રૂા. ૨-૦-૦ ૩ આદર્શ જૈન સ્ત્રી રત્નો ૧-૦-૦**
**૨ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૧ લો ૨-૦-૦**

ઉપરના ત્રણુ મહાન પુરૂષો અને સ્ત્રીઓના ચરિત્રોના ગ્રંથો ભેટ આપવાના છે. બહાર ગામના લાઈફ મેમ્બરોને પોસ્ટ પૂરતા પૈસાનું વી૦ પી૦ મોકલવાનું શરૂ કરેલ છે.

ગમે તેટલી કિંમતના ગ્રંથો (કાંઇપણુ રકમ કાપી લીધા સિવાય) દર વખતે અમારા લાઇફ મેમ્બરોને ( છપાતાં તમામ ગ્રંથો ભેટ ) અપાય છે. આવો ક્રમ સાહિત્યપ્રચારની દૃષ્ટિએ ઉદાર ભાવનાથી લાઇફ મેમ્બરોને લાભ આપવાનો આ સભાએજ માત્ર રાખ્યો છે. અત્યારસુધી અનેક સારા સારા ( દોઢસો ) ગ્રંથો લાઇફ મેમ્બરને કાંઇપણુ લીધા સિવાય ભેટ આપી એક નાનું પુસ્તકાલય બનાવી દેવામાં આ સભા સહાયભૂત થયેલ છે. લાઇફ મેમ્બર થનારને આવો સારો લાભ આ સભાથીજ મળતો હોવાથી દરેક જૈન બંધુઓ લાઇફ મેમ્બર થઇ અવશ્ય તેવા લાભ મેળવશે.

---

## પથ્ય.

ઉપરોક્ત બુક વ્યાસ પુનમચંદ તનસુખ બ્યાવર નિવાસીની લખેલી અમોને સમાલોચનાર્થે ભેટ મળી છે. આ બુક ખાસ આરોગ્યતા અને વૈદકને લગતી છે. વૈદ્યક શાસ્ત્રમાં કહ્યું છે કે ઉંચામાં ઉંચી કિંમતની દવા દરદીને આપવામાં આવતા છતાં પથ્યતા ન રાખે તો તે નકામી થઇ પડે છે. અને રોગ અટકવામાં પથ્યતા ખાસ ઉપયોગી છે કે જેનું આ પુસ્તકમાં દરેક રોગના નામ સાથે તેમાં પથ્ય અને અપથ્ય આહાર, ચર્ચા વગેરેનું વર્ણન બહુ સારી રીતે આપવામાં આવેલું છે. જે સામાન્ય રીતે દરેકને વાંચવાથી કાંઇને કાંઇ લાભ થાય છે. ગ્રંથની ભાષા હિંદી છે. કિંમત એક રૂપીયો કાંઈક વધારે છે. મળવાનું ઠેકાણું-પ્રકાશક પં. મીઠાલાલ વ્યાસ. બ્યાવ-રાજપુતાના.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

॥ किं भंते? जो गिलाणं पडियरइ से धगणे उदाहु जे तुमं दंसणेणं पडिवज्जइ? गोयमा! जे गिलाणं पडियरइ । से केणट्ठेणं भंते? एवं वुचई? गोयमा! जे गिलाणं पडियरइ से मं दंसणेणं पडिवज्जइ जे मं दंसणेणं पडिवज्जइ से गिलाणं पडियरइ त्ति। आणाकरणसारं खु अरहंताणं दंसणं, से तेण-ट्ठेणं गोयमा! एवं वुच्चइ–जे गिलाणं पडियरइ से मं पडिवज्जइ, जे मं पडिवज्जइ से गिलाणं पडियरइ ॥

पुस्तक २२ ] वीर संवत् २४५० भाद्रपद आत्म संवत् २६. [ अंक २ जो.

ॐ

## माफी.

( १ )

હે ! ભ્રાત ! મેં ગત વર્ષમાં જે જે કર્યાં અપરાધની,
"માફી" ચહું અર્પું વલી તુજ કૃત્ય કુત્સિત સર્વની;
**માફી** મધુર સુરમ્ય સુખકર **મૈત્રિ** માર્ગ પ્રબોધતી,
જૈનો તણી આન્તરવિશુદ્ધિ કોટિ ત્રયથી શોધતી.

( ૨ )

**માફી** પરસ્પર અર્પવાની યોજના અમૃત શ્રવે,
ઝીલે સુહૃદ્ સજ્જન ભલા નિજ શીલ સુંદર દાખવે;
"પર્યૂષણા" ઉત્સવ તણી સાફલ્ય સિદ્ધિ કારણે,
"માફી" પછી "મૈત્રિ" કરી–કરો ફલિત શિષ્ટાચારને.

**વેલચંદ ધનજી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રીમદ્ દેવચંદ્રજી, તેમનું જીવન અને ગુર્જર સાહિત્ય.

( ગતાંક પૃષ્ટ ૧૫ થી શરૂ )

**એક પૂર્વનું જ્ઞાન.** શ્રી જ્ઞાનસારજીએ સાધુપદ સજ્ઝાયના ટબામાં જણાવ્યું છે કે, શ્રીમદ્‌ને એક પૂર્વનું જ્ઞાન ( અતિ ઉંચ કોટિનું-દિવ્ય જ્ઞાન ) હતું, આ પરથી શ્રીમદ્‌ની મહત્તા-પ્રતિષ્ઠા ને વિદ્વત્તા સર્વમાન્ય હતાં એ સ્પષ્ટ થાય છે.

**સમકાલીન જૈન સાક્ષર મુનિઓ.** શ્રીમદ્‌ના સમકાલીન સાક્ષર કવિ પંડિત મુનિવરોમાં ભારતવર્ષના મહા સમર્થ વિદ્વાન, મહામહોપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજી, કે જેમના જેવા ભક્ત-કવિ-જ્ઞાની-કર્મયોગી મહાત્મા વિરલ જ થયા હશે, તેઓ મુખ્ય છે. તેઓ જૈન કોમમાં સર્વમાન્ય ધર્મધુરંધર અને સર્વ અનુયોગમાં ગીતાર્થ હતા ( જેમનું જીવન તથા ગુર્જર સાહિત્ય એ નિબંધ પ્રાતઃસ્મરણીય આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ શ્રી ચોથી ગુર્જર સાહિત્ય પરિષદ્‌માં રજુ કર્યો હતો. ) જેમણે માત્ર ન્યાય એ વિષય ઉપર જ ૧૦૮ ગ્રંથો રચ્યા છે અને એકંદર બે લાખ શ્લોકના જે રચયિતા હતા. તદુપરાંત બીજા શ્રી જ્ઞાનવિમળસૂરિ, જેમની અનેક કૃતિઓ વિદ્યમાન છે, તથા શ્રી જિનવિજયજી તથા શ્રી પદ્મવિજયજી તથા શ્રી વિનયવિજયજી જે શ્રીપાલ રાસ જેવા મહારાસના કર્તા, કલ્પસૂત્રની સુખબોધિકા ટીકાના રચયિતા, શત્રુંજય સ્તવન તથા શાંતસુધારસ ગ્રંથના પ્રણેતા; તથા ચંદરાજાના રાસના કર્તા શ્રી મોહનવિજયજી તેમજ ઘણું કરીને મહાન્ અવધૂત આત્મજ્ઞાન-દિવાકર શ્રી આનંદઘનજી, તથા પંડિતપ્રવર કવિરત્ન ઉદયરત્નજી જેવા મહા પ્રખર સાક્ષર વિદ્વાનો શ્રીમદ્‌ના સમકાલીન હતા, જેમની અદ્‌ભુત કૃતિઓથી જૈન તેમજ જૈનતર સમાજ વર્તમાનકાળે પણ મુગ્ધ છે. આ પૈકી ઘણાખરાને શ્રીમદ્ સાથે બહુ સારો સમાગમ સંભવે છે, ને કેટલાક વિદ્વાનોને તો શ્રીમદે અધ્યયન કરાવેલ છે.

શ્રીમદ્ અને આ સમકાલીન મુનિરત્નોએ ગુર્જર સાહિત્યને ઘણી જ સુંદર રીત્યા પોષ્યું છે. ગુર્જર ભાષામાં અનેક ચિરંજીવ અદ્‌ભુત રાસાઓ, ઢાળો, સ્તવનો અધ્યાત્મજ્ઞાનના તથા વૈરાગ્યના રસિક ગ્રંથો તથા સંસ્કૃત માગધી ભાષાના ગ્રંથો પર સરળ વિવેચનો યા ભાષાંતરો કરી તથા લખી ગુર્જર સાહિત્યને ઘણું જ પોષ્યું છે, અને આ સત્ય ગુર્જર ગિરાના ઉપાસકોથી અજ્ઞાત નથી જ, અને આ કૃતિઓ વાંચ્યાથી તે પ્રતીત પણ થશે.

For Private And Personal Use Only

**સમકાલીન વિદ્વાનોનું મિલન.**

શ્રીમદ્ યશોવિજયજી મહારાજના સમાગમમાં શ્રીમદ્ આવ્યા હોય એમ ચોક્કસ લાગે છે. ઉપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજી સં ૧૭૪૫ લગભગ સુધી જીવતા હતા અને શ્રીમદ્ તેઓશ્રીના સમાગમમાં આવ્યાથી તેમનું આત્મજ્ઞાન તરફ લક્ષ્ય ગયું હોય એમ અનુમાન થાય છે અને તેથીજ તેમણે શ્રીમદ્ યશોવિજયજીકૃત જ્ઞાનસાર પર જ્ઞાનમંજરી ટીકા લખી હોય, ને શ્રી યશોવિજયજીની વિચારમાળાની પુષ્ટિ કરી હોય, એમ સંભવે છે. પાટણમાં શ્રીમદ્ જ્ઞાનવિમલસૂરિ જોડે શ્રીમદ્નો સમાગમ થયેલો પ્રતીત થાય છે. પં. જિનવિજયજીને શ્રી જ્ઞાનવિમલસૂરિએ ભગવતી વંચાવ્યુ હતું અને તે સાલ લગભગ શ્રી જિનવિજયજીને શ્રીમદે વિશેષાવશ્યક વંચાવ્યુ હતું, તેથી પાટણમાં બન્ને વિદ્વાનોનો સમાગમ સંભવે છે. શ્રીમદ્ અને જ્ઞાનવિમલસૂરિ બન્નેએ મળી આનંદઘનચોવીશીનાં છેલ્લાં બે સ્તવનો રચ્યાં હતાં. શ્રીમદ્ યશોવિજયજીને શ્રીમદ્ આનંદઘનજીનો સમાગમ થયો હતો. સંભવ છે કે શ્રીમદ્નો સમાગમ પણ આ દ્વારા શ્રીમદ્ આનંદઘનજી સાથે થયો હોય.

**શ્રીમદ્ની કૃતિઓ**

શ્રીમદ્ની અપૂર્વ રસસાગરથી છલકાતી અનેક કૃતિઓ વિશ્વમાં વિદ્યમાન હશે, પણ આપણે તો ઉપલબ્ધ થયેલ કૃતિઓ સિવાય અન્ય કૃતિઓથી તદ્દન અજ્ઞાતજ ગણાઈએ, ઉપલબ્ધ થએલી ઉત્તમ કૃતિઓ નીચે પ્રમાણે છેઃ—

## શ્રીમદ્ દેવચંદ્રજીની કૃતિઓ.

| પુસ્તકનું નામ. | રચ્યાનો સંવત. | કયાં રચી ? | પ્રત કયાંથી મળી ? |
|---|---|---|---|
| ૧ અષ્ટપ્રકારી પૂજા | ૧૭૪૩ | .... | પાદરા ભંડારમાંથી |
| ૨ એકવીશ પ્રકારી પૂજા | ,, | .... | ,, |
| ૩ ધ્યાનદીપિકાચતુષ્પદી | ૧૭૬૬ વૈ. વ. ૧૩. | મુલતાન (પંજાબ) | આચાર્યશ્રી વિજયકમલસૂરિ (મૂ. મ.) ધોરાજી ભંડાર. |
| ૪ દ્રવ્યપ્રકાશ. | ૧૭૬૭ પો, વ. ૧૩ | વિકાનેર. | અમદાવાદ વિદ્યાશાળા જ્ઞાન ભં. તથા પં. લા. વિ. |
| ૫ આગમસાર. | ૧૭૭૬ ફા. શુ. ૩. | મોટાકોટ મરોટ. | પાદરાના ભંડારમાંથી બે પ્રતો. સુરત શ્રી મોહનલાલજી મહારાજના ભંડારમાંથી તથા મુનિલાભ વિ. |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬ નયચક્ર .... .... .... સુરત શ્રી મોહનલાલજી ભંડારમાંથી.

૭ વિચારસાર. ૧૭૯૬ કા. શુ. ૧ નવાનગર ( જામનગર ) શ્રી અમરચંદજી બોથરા માર્ફતે શ્રી જિનયશ:સૂરિ પુ. ભંડાર.

૮ જ્ઞાનમંજરી ટીકા. ૧૭૯૬ કા. શુ. ૫ નવાનગર ,,

વિશવિહરમાન વીશી. .... .... પાલીતાણા

{ જુની બે પ્રતો સુરત મોહનલાલજી ભંડાર. બીજી એક છપાયેલ પ્રત હમણાંજ મળી.

૧૦ સિદ્ધાચળ સ્તવન. ૧૮૦૪ મા. શુ. ૧૩ ,,

૧૧ ગુરૂગુણષટ્‌ત્રિંશિકાનો ટબો. .... .... { પં. ગુ. વિ. પાસેથી ભોજક. ગિ. હે. મેળવી આપી.

૧૨ પાંચ કર્મગ્રંથનો ટબો. .... .... { પં ગુલાબવિજયજી પાસેથી ભોજક ગિરધરભાઈ હેમચંદે મેળવી આપી.

૧૩ વિચારરત્નસાર ( પ્રશ્નોતરરૂપ ) { પ્રવર્તક શ્રી કાં. વિ. ૧ અમદાવાદ શાંતિસાગરજી ભંડાર ૧ મુનિ. લા.વિ.

૧૪ પ્રશ્નોત્તર .... .... .... શ્રી કાંતિવીજયજી પાસેથી

૧૫ કર્મ સંવેધ .... ... .... { અમદાવાદ ડેહેલાના ઉપાશ્રયેથી ઝવેરી ભો. તા.

૧૬ પ્રતિમા પુષ્પ પૂજા સિદ્ધિ .... ....

૧૭ ગુણસ્થાનક અધિકાર. .... .... ....

{ પાદરાના ભંડારમાંથી તથા સુરતના ભંડારમાંથી તથા લાભવિજયજી પાસેથી મળી.

૧૮ અધ્યાત્મગીતા– ( પ્રાય: ૧૭૪૩ ) લીંબડી. ૨ પ્રતો સુરત મોહનલાલજી મહારાજના ભંડારમાંથી.

૧૯ વર્તમાન ચોવીશી. .... .... પ્રવર્તકશ્રી કાં. વિ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| ૨૦ | અતિત ચોવીશી પૈકી એકવીશી .... .... | | પાદરા ભંડારમાંથી. |
| ૨૧ | સ્નાત્રપૂજા. .... .... | | ,, |
| ૨૨ | નવપદપૂજા ઉલાળા. .... .... | | ,, |
| ૨૩ | વીર નિર્વાણનાં સ્તવનની ઢાળો. | ભાવનગરમાં. | અમદાવાદ વિદ્યાશાળાના ભંડારમાંથી ભો. ગિ. હે. |
| ૨૪ | બાહુજિન સ્તવન અને ટબો. .... | | અમદાવાદ ડેલાના ઉપાશ્રયેથી. |
| ૨૫ | ભાવિ ચોવીશી પૈકી પદ્મનાભજિન સ્તવન.... | | શ્રી. અમરચંદ્રજી બોથરાજી તથા ભોજક ગિરધર હેમચંદજી. |
| ૨૬ | શ્રી સીમંધર જિન સ્તવન. .... .... | | ભોજક ગિ. હે. |
| ૨૭ | દીવાળીનું સ્તવન લઘુ. .... .... | | પાદરા ભંડારમાંથી. |
| ૨૮ | નવાનગર આદિજિન સ્તવન. .... .... | | ,, |
| ૨૯ | ધ્રૂ૦ પદ સ્તવન. .... .... | | ,, |
| ૩૦ | સમવસરણ સ્તવન. ... | | શ્રીમાન અમરચંદજી બોથરાજી. |
| ૩૧ | કુંભ સ્થાપના. .... | | |
| ૩૨ | સહસ્રકૂટ સ્તવન. ... | | ભો. ગિ. હે. |
| ૩૩ | અજિતનાથજિન હોરી. .... | | હોરી સંગ્રહમાં છપાયેલું. |
| ૩૪ | પ્રભુ સ્તુતિ .... | | શ્રીયુત્ અમરચંદ્રજી બોથરાજી તરફથી. |
| ૩૫ | સિદ્ધાચળ સ્તુતિ .... | | ,, |
| ૩૬ | ગિરનાર સ્તુતિ .... | | ,, |
| ૩૭ | વિશસ્થાનક સ્તુતિ .... | | ,, |
| ૩૮ | જ્ઞાન બહુમાન સ્તુતિ. .... | | |
| ૩૯ ૪૦ ૪૧ | સિધ્ધાચળ સ્તવન .... | | પાદરા ભંડારમાંથી |
| ૪૨ | બડી સાધુ વંદના .... | | શ્રી અમરચંદજી બોથરાજી |
| ૪૩ | અષ્ટ પ્રવચન માતાની સજઝય | જામનગર | છપાયલા છે. |
| ૪૪ | પ્રભંજનાની સજ્જાય .... | લીંબડી | |
| ૪૫ | ઢંઢણ રૂષિની સજ્જાય .... | .... | |
| ૪૬ | સમકિતની સજ્જાય .... | .... | |
| ૪૭ | ગજસુકુમાળની સજ્જાય | .... | |
| ૪૮ | પંચેંદ્રિય વિષય ત્યાગ પદ | .... | શ્રીયુત્ અ. બોથરાજી. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪૯
૫૦ } ત્રણ કાગળ ( લખેલા પત્રો ) { બે આત્માનંદ પ્ર. માં છપાયેલા એક શ્રી કાં. વિ. મહારાજ.
૫૧
૫૨ સાધુ સ્વાધ્યાય તેના પર જ્ઞાનસારનો ટબો
૫૩ સજઝાય .... .... આચાર્યશ્રી અજીતસાગરજી.
૫૪ સાધુની પંચભાવના ... ....
૫૫ શ્રીઆનંદઘનજી ચોવીશીમાં જ્ઞાનવિમળજી અને શ્રીમદે ભેગા થઈ બનાવેલાં ૨૩-૨૪ મા પ્રભુનાં સ્તવનો. જેસલમેર.
૫૬ આજકો લાહો લીજીયે ( પ્રાય: શ્રીમદ્‌ની કૃતિ જણાય છે )
૫૭ રત્નાકર પચ્ચીશીના અનુવાદરૂપ સ્તવન.

શ્રીમદ્‌ના વિશ્વોપકારક ગ્રંથો માટે યોગનિષ્ઠ અધ્યાત્મજ્ઞાનદિવાકર આચાર્યશ્રી શ્રીમદ્ બુદ્ધિસાગરજી ( વર્તમાન કાળે વિદ્યમાન ) સૂરીશ્વરજીની લાંબી પ્રશસ્તી-માંથી બે શ્લોકો અત્ર ટાંકવા ઈષ્ટ છે,

आत्मोद्धारामृतं यस्य, स्तवनेषु प्रदृश्यते
त्रिविधतापतप्तानां, पूर्णशांतिप्रदायकम् ॥ ४ ॥
आत्मशमामृतास्वादी, शास्त्रोद्यानविहारवान्
यत्कृत शास्त्रपाथोधौ, स्नानं कुर्वन्ति सज्जनाः ॥ ६ ॥
देवचन्द्रकृतग्रन्थान्, स्तुवेऽहं भक्ति भावतः
अमृतसागरा यत्र, विद्यन्ते सुखकारकाः ॥ २३ ॥

**आचार्यश्री श्रीमद् बुद्धिसागरसूरि.**

**શ્રીમદ્‌ની આત્મદશા.**

શ્રીમદ્‌ના ગ્રંથો પરથી તેમની ઉચ્ચ પ્રકારની આત્મદશાની સહજ પ્રતીતિ થાય છે. તેઓ વ્યવહારમાં સ્થિર હતા, તેમજ નિશ્ચયમાં વિશેષ સ્થિર હતા. તેમણે પોતાના સ્તવનોમાં પ્રભુભક્તિ પ્રસંગે અટલ-ઉભરાતી ભકિત ભર્યા ઉદ્ગારો કાઢ્યા છે. કોઈ પણ ભકત, હૃદયના ઉદ્ગારો, નિરંકુશ-સ્વતંત્ર રિત્યા વિશ્વ સન્મુખ રજુ કરે છે. હૃદયના ઉદ્ગારોમાં કૃત્રિમતા હોતી નથી, પરંતુ નૈસર્ગિક આત્મદશાના ઉભરાઓજ હોય છે. કવિની કવિતા એ કવિના હૃદયનો અરીસો છે. ભકતની સ્તવના એજ ભકતનું હૃદય છે. જ્ઞાનીના ગ્રંથો એ જ્ઞાનીનું અભ્યંતર જીવન છે. ભકિત ભર્યા ઉદ્ગારો વહેવરાવતાં તેમાં આત્મદશાની ખરી ખુમારીની છાંટ છંટાયા વગર રહેતી નથી. આત્માના સુખનો અનુભવરસ પીધાથી તેમને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાહ્ય વિષયરસ તે રસ તરીકે ભાસતોજ નથી. આત્માનો શુદ્ધાનુભવરૂપ આનંદ રસ પ્રાપ્ત થયા વિના અને બાહ્ય કામનો રસ નષ્ટ થયા વિના અંતર્મુખ વૃત્તિ થતી નથી. આત્મા પોતાના સ્વભાવમાં દેહાધ્યાસના નાશપૂર્વક પ્રવૃત્તિ કરે છે ત્યારે જ આત્મસુખનો અનુભવ થાય છે. શ્રીમદ્‌ને આવી ઉત્તમ જ્ઞાનદશા પ્રકટ થઇ હતી એવી દશામાં અવધૂત બનેલા હતા કે તે પ્રસંગે બહાર પડેલા ઉદ્‌ગારોમાં આત્મદશાની ખુમારી નીતરી રહી છે. તેઓ લીંબડીના દેરાસરના ભોંયરામાં કલાકો પર્યંત ધ્યાનમગ્ન થઇને બેસી રહેતા. શુદ્ધોપયોગમાં તલ્લીન તેમજ આત્મસમાધિમાં મગ્ન રહેતા. તેમણે સવિકલ્પ સમાધિ ઉપરાંત નિર્વિકલ્પ સમાધિનો અપૂર્વ રસ પણ ઝીલ્યો હતો, છતાં પોતે દેહાતીત દશામાં વર્તતા હતા. તેથીજ તેઓશ્રીએ શુદ્ધોપયોગના તાનમાં સ્તવનોની અંદર આત્મદશાનો અમૂલો રસ રેડ્યો છે. જેટલા પ્રમાણમાં આત્મદશા પ્રકટી હોય તેટલાજ પ્રમાણમાં ઉદ્‌ગારો પ્રકટે છે અને આમ છતાં પણ તેમની રચનામાં ગુર્જર સાહિત્યનો સરસર વહેતો વહેળીઓ વહ્યોજ જાય છે. શ્રીમદ્‌નું પુસ્તકોમાં ભરેલું સાહિત્ય એજ તેમનું આંતર જીવન છે.

શ્રીમદ્‌નાં પ્રભુસ્તવનોમાં આત્મદશાના ઉદ્‌ગારોમાંથી થોડાક જોઇએ—

" આરોપીત સુખ ભ્રમ ટળ્યો રે, ભાસ્યો અવ્યાબાધ;<br>
સમર્યો અભિલાશીપણો રે, કર્તા સાધન સાધ્ય ॥ અ૦ ॥<br>
ગ્રાહકતા સ્વામિત્વતા રે, વ્યાપક ભોકતા ભાવ;<br>
કારણતા કારજ દશા રે, સકલ ગ્રહ્યું નિજ ભાવ, ॥ અ૦ ॥

* * * * *

તિનભૂવન નાયક શુદ્ધાતમ, તત્વામૃત રસ વુઠું રે,<br>
સકલ ભવિક વસુધાની લાણી, મારૂં મન પણ તુઠું રે ॥ અ૦ ॥<br>
મનમોહન જિનવરજી મુજને, અનુભવ પિયાલો દીધોરે;<br>
પૂરણાનંદ અક્ષય અવિચલ રસ, ભક્તિ પવિત્ર થઇ પીધોરે ॥ આ૦ ॥<br>
જ્ઞાનસુધા લાલીની લ્હેરે, અનાદિ વિભાવ વિસાર્યો રે;<br>
સમ્યગ્ જ્ઞાન સહજ અનુભવ રસ, શુચિ નિજ બોધ સમાયોરે ॥આ૦॥<br>
જિનગુણ રાગ પરાગથીરે, વાસિત મુજ પરિણામ રે;<br>
તજશે દુષ્ટ વિભાવતા, સરશે આતમ કામરે ॥<br>
જિન ભક્તિરત ચિત્તને રે, વેધક રસ ગુણ પ્રેમરે;<br>
સેવક જિનપદ પામશેરે, રસ વેધિત અય જેમરે ॥

× × ×

ભાસ્યો આત્મ સ્વભાવ, અનાદિનો વિસર્યો હો લાલ;<br>
સકલ વિભાવ ઉપાધિ થકી મન ઓસર્યો હો લાલ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રીમદ્‌ની સંસ્કૃત તથા ગુર્જર ભાષાની વિદ્વત્તા.**

શ્રીમદે સંસ્કૃત, પ્રાકૃત, ગુર્જર, તથા હિન્દી ભાષાના રચેલા ગ્રંથોપરથી તેમની ભાષા સંબંધી વિદ્વત્તાનો ખ્યાલ સ્હેજે આવે તેમ છે. બાળ જીવોને સમજાવવા માટે તેમણે સંસ્કૃત ભાષામાં બહુ સરળતાએ રચના કરી છે. જેમ બને તેમ ભાષાની કિલષ્ટતા, પ્રૌઢતા, દુરવગાહતા થવા દીધી નથી. દ્રવ્યાનુયોગ વિષયમાં સામાન્ય સંસ્કૃત જાણનારાઓ પણ રસ લઇ શકે તેવો પ્રયત્ન તેમાં સ્પષ્ટ જણાય છે. જ્ઞાનમંજરી ટીકા તથા વિચારસાર ટીકાદિથી તેમણે સંસ્કૃત ભાષામાં ગ્રંથો રચવા માટે યથાયોગ્ય પ્રવૃત્તિ કરી જૈન કોમની અને સંસ્કૃત સાહિત્યની ભારે સેવા ઉઠાવી છે. કેટલાક આધુનિક સંસ્કૃત ભાષાજ્ઞ મુનિવરોનો એવો મત છે કે શ્રીમદ્ સંસ્કૃત ભાષાના પ્રૌઢ વિદ્વાન્ નહોતા, પણ અમે એમાં એટલું સુધારીશું કે-શ્રીમદે દ્રવ્યાનુયોગાદિ ગહન વિષયોને સાદી સંસ્કૃત ભાષામાં બાળજીવોને સમજાવવાપર ખાસ લક્ષ દીધું છે. તેથીજ તેઓએ પ્રૌઢ સંસ્કૃત ભાષા વાપરી નથી. તેમજ ભાષા દ્વારા વિદ્વત્તા દેખાડવા તરફ તેમનું બીલકુલ લક્ષ્ય નહોતું તેજ તેમાં કારણ છે. **આત્મજ્ઞાની મહાત્માઓ ભાષાને શણગાર સજાવવા તરફ બીલકુલ લક્ષ દેતા નથી. તેઓ તો ભાષા દ્વારા હૃદયના આત્મિક ભાવ જણાવે છે. કવિમાં અને જ્ઞાની ભકતમાં ભાષાના શણગાર પરત્વે તફાવત રહ્યાંજ કરે છે. કવિ ભાષાને શણગાર સજાવવાની ઉપાસના કરે છે અને જ્ઞાની ભાવરસનો ભોગી હોવાથી તે પોતાનું વકતવ્ય સાદી ભાષામાં જણાવે છે.**

સંસ્કૃત ભાષાની પેઠે શ્રીમદે પ્રાકૃત ભાષામાં પણ વિચારસારાદિ ગ્રંથો રચ્યા છે.

શ્રીમદ્‌ના સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના ગ્રંથોની માફકજ ગુર્જર ભાષાના ગ્રંથો પણ ઘણો ઉંચો દરજ્જો ભોગવે છે. ગુર્જર ભાષા પર તેમનો કાબુ અદ્વિતીય હતો અને મારવાડ–કચ્છ–સિંધ–આદિ દેશોમાં વિહરવા છતાં ગુર્જર ભાષાપરનો શ્રીમદ્‌નો કાબુ અને પ્રેમ તેવાંજ હતાં, અને ગમે તે દેશમાં પણ ગુર્જર ગિરાની તેમની ઉપાસના અખંડિતજ હતી. ગુર્જર સાહિત્યના બળમાં તેમનો પુષ્ટિનો ફાળો ચાલુજ રહ્યો છે અને **દ્રવ્યાનુયોગ જેવા અતિ ગહન વિષયોને તેમણે ચોવીશી વિગેરે પદ્ય ગ્રંથોમાં એવી સાદી ને સુન્દર રીત્યા ગુંથ્યા છે કે જે વિષયો પહેલાં ગુર્જર ભાષામાં કોઇએ ગુંથ્યા ન હતા.** શ્રીમદે ચોવીશી પર જાતેજ ટબો ભરીને દ્રવ્યાનુયોગના ગહન જ્ઞાનનો લાભ સરલતાથી જે જૈન કોમને આપ્યો છે તે અતિ ઉપકારક છે. એકંદર શ્રીમદે ગુર્જર ભાષામાં ગદ્યપદ્યમાં જૈન તત્વજ્ઞાનના ગહન ગ્રંથો લખીને ભાષા જ્ઞાનની વિદ્વતાની પણ મહત્તા જનસમાજને બતાવી આપી ગુર્જર સાહિત્યને પોષ્યું છે. ભાષાની–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દૃષ્ટિએ વાંચકો તેમાંથી ભારે લાભ મેળવી શકશે. સંસ્કૃત પ્રાકૃત અને ગુર્જર ભાષામાં ગ્રંથો રચીને શ્રીમદે વિશ્વના ભાષા સાહિત્યની વૃદ્ધિમાં સારો ફાળો આપ્યો છે.

**શ્રીમદ્‌ની કવિત્વ શકિત.**

શ્રીમદે કવિત્વ શક્તિનો ભક્તિમાં વ્યય કર્યો છે. ભક્ત લોકો કવિત્વ શક્તિને ભક્તિના રૂપમાં પરિણમાવે છે. તેઓ અનેક રૂપકોથી પ્રભુનું વર્ણન કરે છે. શ્રીમદે ઉપમાલંકારોને પ્રભુભક્તિના રૂપકોમાં પરિણમાવ્યા છે. તેમણે આધ્યાત્મિક દૃષ્ટિએ મેઘને પ્રભુની ભકિતમાં રૂપકથી પરિણમાવ્યો છે તે જોઈએ:—

શ્રી નમિજીનવર સેવ, ઘનાઘન ઉનમ્યો રે ॥ ઘ૦ ॥
દીઠો મિથ્યા રોર, ભવિક ચિત્તથી ગમ્યો રે ॥ ભ ॥
શુચિ આચરણા રીતિ તે, અભ્ર વધે વડાં રે ॥ અ ॥
આતમ પરિણતી શુદ્ધ, તે વીજ ઝબુકડાં રે ॥ વી ॥

( ચાલુ. )

# વિશ્વરચના પ્રબંધ.

## નિવેદન ૩ જું

( ગતાંક પૃષ્ટ ૨૪ થી શરૂ )

પાંચમુ–દ્રવ્યકાલ નામનું વર્તમાન સમયરૂપ એક પ્રદેશવાળું અજીવ દ્રવ્ય છે તે કાલ ગણવાને જ્ઞાની પુરૂષોએ નીચે પ્રમાણે માપ આપેલું અતિ સુક્ષ્મ ઝીણામાં ઝીણા કાલને સમય કહે છે. આંખ વીંચી ઉઘાડવામાં કે ચપટી વગાડવામાં અસંખ્યાતા સમય ચાલ્યા જાય છે. જેમાં ભૂત ભવિષ્ય સંબંધે કાંઈપણ વિચાર થઈ શકે તે બારીકમાં બારીક કાલને સમય કહેવાય છે, એવા અસંખ્યાતા સમયે એક આવલિકા થાય છે. ૨૫૬ આવલિકાનો એક ક્ષુલ્લક ભવ, સત્તર ક્ષુલ્લક ભવથી કાંઈક અધિક કાલનો પ્રાણોત્પતિ ( શ્વાસોશ્વાસ રૂપ ) કાલ થાય, સાત પ્રાણોત્પતિ કાલે એક સ્તોક ને સાત સ્તોકે એક લવ, સત્યોતેર લવે બે ઘડી રૂપ મુહૂર્ત થાય છે, ત્રીશ મુહુર્તની એક અહોરાત્રી, પંદર અહોરાત્રીનું એક પક્ષ, બે પક્ષનો એક માસ, બે માસની રૂતુ, ત્રણ રૂતુનું એક અયન, બે અયનનું એક વર્ષ, પાંચવર્ષે એક યુગ, ચોરાશી લાખ વર્ષે એક પૂર્વાંગ, ચોરાશી લાખ પૂર્વાંગનું એક પૂર્વ થાય છે. એમ દરેક સંખ્યાને ઉત્તરોત્તર ચોરાશી લાખે ગુણતાં અનુક્રમે શીર્ષ પ્રહેલિકા સુધીની નીચે મુજબ ૨૮ સંખ્યા ઉભી થાય છે.

For Private And Personal Use Only

( ૧ ) પૂર્વાંગ–૮૪૦૦,૦૦૦
( ૨ ) પૂર્વ–૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦
( ૩ ) ત્રુટિતાંગ–૫૯૨૭૦૪ અને મીડાં ૧૫
( ૪ ) ત્રુટિત–૪૯૭૮૭૧૩૬ અને મીડાં ૨૦
( ૫ ) અડડાંગ–૪૧૮૨૧૧૯૪૨૪ અને મીડાં ૨૫
( ૬ ) અડડ–૩૫૧૨૯૮૦૩૧૬૧૬ અને મીડાં ૩૦
( ૭ ) અવવાંગ–૨૯૫૦૯૦૩૪૬૫૫૭૪૪ અને મીડાં ૩૫
( ૮ ) અવવ–૨૪૭૮૭૫૮૯૧૧૦૮૨૪૯૬ અને મીડાં ૪૦
( ૯ ) હુહુઆંગ–૨૦૮૨૧૫૭૪૮૫૩૦૯૨૯૬૬૪ અને મીડાં ૪૫
( ૧૦ ) હુહુઅ–૧૭૪૯૦૧૨૨૮૭૬૫૯૮૦૯૧૭૭૬ અને મીડાં ૫૦
( ૧૧ ) ઉત્પલાંગ–૧૪૬૯૧૭૦૩૨૧૬૩૪૨૩૯૭૦૯૧૮૪ અને મીડાં ૫૫
( ૧૨ ) ઉત્પલ–૧૨૩૪૧૦૩૦૭૦૧૭૨૭૬૧૩૫૫૭૧૪૫૬ અને મીડાં ૬૦
( ૧૩ ) પદ્માંગ–૧૦૩૬૬૪૬૫૭૮૯૪૫૧૧૯૫૩૮૮૦૦૨૩૦૪ અને મીડાં ૬૫
( ૧૪ ) પદ્મ–૮૭૦૭૮૩૧૨૬૩૧૩૯૦૦૪૧૨૫૯૨૧૯૩૫૩૬ અને મીડાં ૭૦
( ૧૫ ) નલીનાંગ–૭૩૧૪૫૭૮૨૬૧૦૩૬૭૬૩૪૬૫૭૭૪૪૨૫૭૦૨૪ અને મીડાં ૭૫
( ૧૬ ) નલીન–૬૧૪૪૨૪૫૭૩૯૨૭૦૮૮૧૩૧૧૨૫૦૫૧૭૫૯૦૦૧૬ અને મીડાં ૮૦
( ૧૭ ) અચ્છનિરાંગ–૫૧૬૧૧૬૬૪૨૦૯૮૭૫૪૦૩૦૧૪૫૦૪૩૪૭૭૫૬૧૩૪૪ અને
મીડાં ૮૫
( ૧૮ ) અચ્છનિર–૪૩૩૫૩૭૯૭૯૩૬૨૯૫૩૩૮૫૩૨૧૮૩૬૫૨૧૧૫૧૫૨૮૯૬
અને મીડાં ૯૦
( ૧૯ ) અચુતાંગ–૩૬૪૧૭૧૯૦૨૬૬૪૮૮૦૮૪૩૬૭૦૩૪૨૬૭૭૭૬૭૨૮૪૩૨૬૪
અને મીડાં ૯૫
( ૨૦ ) અચુત–૩૦૫૯૦૪૩૯૮૨૩૮૪૯૯૯૦૮૬૮૩૦૮૭૮૪૯૩૨૪૫૧૮૮૩૪૧૭૬
અને મીડાં ૧૦૦
( ૨૧ ) નયુતાંગ–૨૫૬૯૫૯૬૯૪૫૨૦૩૩૯૯૨૩૨૯૩૭૯૩૭૯૩૪૩૨૫૯૫૮૨૦૭૦૭
૮૪ અને મીડાં ૧૦૫
( ૨૨ ) નયુત–૨૧૫૮૪૬૧૪૩૩૯૭૦૮૫૫૩૫૫૬૬૭૮૬૭૮૬૪૮૩૩૮૦૫૧૦૩૯૪૫૮
૫૬ અને મીડાં ૧૧૦
( ૨૩ ) પ્રયુતાંગ–૧૮૧૩૧૦૭૬૦૪૫૩૫૫૧૮૪૯૮૭૬૧૦૦૯૦૦૬૪૬૦૩૯૬૨૮૭૩૧૪
૫૧૯૪ અને મીડાં ૧૧૫
( ૨૪ ) પ્રયુત–૧૫૨૩૦૧૦૩૮૭૮૦૯૮૩૫૫૩૮૯૫૯૨૪૭૫૬૫૪૨૬૭૨૩૮૮૧૩૪૪૧
૯૫૯૯૩૬ અને મીડાં ૧૨૦
( ૨૫ ) ચૂલિકાંગ–૧૨૭૯૩૨૮૭૨૫૭૬૦૨૬૧૮૫૨૯૨૫૭૬૭૯૫૪૯૫૮૪૫૫૨૦૩૨
૯૧૨૪૬૩૪૬૨૪ અને મીડાં ૧૨૫

( ૨૬ ) ચૂલિકા—૧૦૭૪૬૩૬૧૨૯૬૩૮૬૧૯૯૫૬૨૮૯૬૪૫૦૮૨૨૬૫૧૦૨૭૨૧૦૭૬ ૪૬૪૬૯૩૦૮૪૧૬ અને મીડાં ૧૩૦

૨૭ ) શીર્ષપહેલિકાંગ—૯૦૨૬૯૪૩૪૮૮૯૬૪૪૦૭૬૩૨૮૩૩૦૧૮૬૯૦૧૮૬૮૬૨૮ ૫૭૦૪૨૩૦૩૪૨૮૧૯૦૭૯૪૪ અને મીડાં ૧૩૫

( ૨૮ ) શીર્ષપહેલિકા—૭૫૮૨૬૩૨૫૩૦૭૩૦૧૦૨૪૧૧૫૭૯૭૩૫૫૯૯૭૫૬૯૬૪૭ ૯૯૯૧૫૫૩૪૮૭૪૪૦૧૮૩૨૯૯૬ અને મીડાં ૧૪૦

આ શીર્ષપ્રહેલિકા સંખ્યાનો છેલ્લો આંક છે જેમાં ૧૯૪ આંક આવે છે. +૫. એટલે એક શીર્ષ પ્રહેલિકા જતાં ઉપરોક્ત વર્ષો વ્યતીત થાય છે.

વળી અસંખ્યાતા વર્ષો એક પલ્યોપમ થાય છે તેની ગણના નીચે પ્રમાણે છે. અનંત સૂક્ષ્મ પરમાણુંની એક બાદર પરમાણું—અનંત બાદર પરમાણુંની એક ઉષ્ણ શ્રેણી ( અણું ) ૮ ઉષ્ણ ( શ્વલક્ષ્ણ ) શ્રેણીની ૧ શીતશ્રેણી, ૮ શીતશ્રેણીની ૧ ઉર્ધ્વ રેણું—આઠ ઉર્ધ્વ રેણુંની એક ત્રસ રેણું—આઠ ત્રસ રેણુંની એક રથ રેણું, આઠ રથ રેણુંએ ૧ કુરૂક્ષેત્રના યુગલીયાનો વાલાગ્ર, ૮ વાલાગ્ર ૧ હરિવર્ષનું વાલાગ્ર, ૮ હરીવર્ષ મનુષ્ય વાલાગ્રે ૧ હિમવંત મનુષ્યોનુ વાલાગ્ર; ૮ હેમ વાલગ્રે ૧ વિદેહ મનુષ્ય વાલાગ્રે; આઠ વિદેહ મનુષ્ય વાલાગ્રે ૧ લીંખ, આઠ લીંખે ૧ જુ—યુકા, ૮ જુએ ૧યવ, ૮ આડા જવનો એક ઉત્સેધાંગુલ ૬ આંગુલે એક પઉં, બે પઉંએ—૧ વિહત્થિ, ૨ વિહત્થિનો હાથ, ૨ હાથે ૧ કુચ્છી, ૨ કુચ્છી ૧ ધનુષ્ય ( દંડ ) ૨૦૦૦ ધનુષ્યનો એક ગાઉ ૪ ગાઉનો એક યોજન. પ્રમાણાંગુલમાન—૧ યોજન લાંબો પહોળો કુવો કરી કુરૂક્ષેત્રના એકથી સાત દીવસના જન્મેલા યુગલિક બાલકના વાલના સુક્ષ્મ કટકાથી ભરે. બાળ્યાં બળે નહીં, ઉડાડ્યા ઉડે નહિ, નાશ ન પામે તેમ દાબી દાબીને ભરે તે કુવામાં અનુમાને ૩૩૩૦૭૫૨૧૦૪ ૨૪૫૫૫૨૫૪૨૧૯૯૫૦૯૧૫૩૫૦૦૦૦૦૦૦૦૦ ( સમવૃતઘન યોજન કુવામાં ) વાલા આંક સમાય તે વાલનો સુક્ષ્માગ્ર દર સો સો વર્ષે એકેક કાઢે એ પ્રમાણે

+૫. શીર્ષ પ્રહેલિકામાં ૧૯૪ આંક આવે છે, જે "સંખ્યાતા" કહેવાય છે. અને તેમાં ૧ વધારતાં "અસંખ્યાતા" એવી સંજ્ઞાથી ઓળખાવાય છે.

આ સંખ્યાગણિત જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિનું છે. બીજે સ્થાને તેથી પણ વિશાલ સંખ્યા વાળું ગણિત મલે છે જેનાં નામો. પૂર્વાંગ, પૂર્વ, લતાંગ, લતા, મહા લતાંગ, મહાલતા. નલિનાંગ, નલીન, મહા નલિનાંગ, મહા નલિન, પદ્માંગ, પદ્મ, મહા પદ્માંગ, મહા પદ્મ, કમલાંગ, કમલ. મહા કમલાંગ, મહા કમલ, કુમુદાંગ, કુમુદ, મહા કુમુદાંગ, મહા કુમુદ, ત્રુટિતાંગ. ત્રુટિત, મહા ત્રુટિતાંગ, મહા ત્રુટિત, અટ્ટાંગ, અટ્ટ, મહા અટ્ટાંગ, મહા અટ્ટ, ઉહાંગ, ઉહ, મહોહાંગ, મહોહ, શિર્ષ પ્રહેલિકાંગ અને શીર્ષ પ્રહેલિકા છે. આ રીતિથી ગણતાં શીર્ષ પ્રહેલિકામાં ૨૫૦ આંકની સંખ્યા આવે છે એટલે ૧૮૭૫૫૧૭૯૫૫૦૧૧૨૫૯૫૪૧૯૦૦૯૬૯૯૮૧૩૪૩૯૭૬૦૭૯ ૭૪૬૫૪૯૪૨૬૧૯૭૭૭૭૪૭૬૫૭૨૫૭૩૪૫૭૧૮૬૮૧૬ અને ૧૮૦ શુન્ય પ્રમાણ વર્ષો જતાં એક શીર્ષ પ્રહેલિકા થાય છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાઢતાં જેટલા વર્ષ લાગે તે વર્ષના સમુદાયનો ૧ અદ્ધાપલ્યોપમ થાય છે. વાલાગ્રના કટકાના અસંખ્યાતા કટકા કરી દર સો વર્ષે કાઢતાં જેટલા વર્ષ જાય તે વર્ષના સમુદાયનો સૂક્ષ્મ પલ્યોપમ થાય છે. આ પલ્યોપમે ઉત્સર્પિણી કાલનું માન થાય છે. દશ કોડાકોડી ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ પલ્યોપમે[૬] ૧ સાગરોપમ થાય છે.

ચાર કોડા કોડી સાગરોપમે સુષમા સુષમ આરો થાય છે.
૩ કોડા કોડી સાગરોપમે સુષમ આરો થાય છે.
૨ ,, ,, ,, સુષમ દુષમ ,, ,,
૧ ,, ,, ,, (૪૨ હજાર વર્ષ ન્યુન) દુષમ સુષમ આરો થાય છે.
૨૧૦૦૦ વર્ષે દુખં આરો થાય છે.
૨૧૦૦૦ વર્ષે દુખં દુખં આરો થાય છે.

તે છ આરા એક અવસર્પિણી કાલ થાય છે ને તેથી ઉલટા ક્રમે છ આરાનો એક ઉત્સર્પિણી કાલ થાય છે. બન્ને મળવાથી એક કાળચક્ર થાય છે અનંતા કાલ ચક્રે એક પુદ્ગલ પરાવર્તન કાલ થાય છે. બન્ને મળવાથી એક કાલચક્ર થાય છે અનંતા કાલચક્રે એક પુદ્ગલ પરાવર્તન જાણવું.[૭] ભારત રત્નો ! કાલમાપ સાથે સંખ્યાના જ્ઞાનની જરૂર છે તો તે પણ જાણીયે, અંગ્રેજો મોટામાં મોટી સંખ્યા વર્ષપ્રકાશ શબ્દનો ઉપયોગ કરે છે જે જાણવાથી ઉપરના કાલ માનમાં કહેલી જંગ શીર્ષ પ્રહેલિકા સંખ્યાની વધારે કીંમત આંકી શકાય છે. પ્રકાશ દર સેકન્ડે ૧૮૬૦૦૦ માઈલ જાય છે તે હિસાબે એક વર્ષમાં કેટલા માઈલ ચાલે, તે માઇલની ગણના સંખ્યા ૧૪૪૬૩૩૬૦૦૦૦૦૦૦ આવે છે તેને અંગ્રેજો વર્ષપ્રકાશ

૬ ઉદ્ધાર, અદ્ધા અને ક્ષેત્ર એમ પલ્યોપમના ત્રણ ભેદ છે, જેના સુક્ષ્મ અને બાદરની પહોંચણીથી છ પેટા ભેદો થાય છે.

૭ પુદ્ગલ પરાવર્તન પણ ચાર ભેદે સમજી શકાય છે.

૧ દ્રવ્ય પુદ્ગલ પરાવર્તન—ઔદારિક, વૈક્રિય, તૈજસ, કાર્મણ શરીર, ભાષા, શ્વાસોશ્વાસ અને મનના જે જે પુદ્ગલો ચૌદ રાજલોકમાં છે તે સ્વરૂપમાં પોતાને પરિણમાવે તે ( क ) બાદર અને ક્રમેં ક્રમે પરિણમાવે તે ( ख ) સૂક્ષ્મ દ્રવ્ય પુદ્ગલ પરાવર્તન કહેવાય,

૨ ક્ષેત્ર પુદ્ગલ પરાવર્તન લોકાકાશના અસંખ્યાતા પ્રદેશને મરણે આગલ પાછલ ફરશે તે ( क ) બાદર અને અંતર રહિત ફરસે. વચમાં આંતરૂં પડતાં પ્રથમથી ગણવું એમ ફરશે તે ( ख ) સૂક્ષ્મ.

૩ ઉત્સર્પિણીના સમયને અનુક્રમ વિના જન્મે ફરસે તે ( क ) બાદર અને અનુક્રમે આંતરા વિના ફરસે તે સૂક્ષ્મકાલ પુદ્ગલ પરાવર્તન જાણવું.

૪ ભાવ પુદ્ગલ પરાવર્તન—લોકાકાશ પ્રદેશકાયસ્થિતિકાલ અને સંયમ વ્યવસાયના સ્થાનો અનુક્રમે ઉત્તરોત્તર અસંખ્યાતા ગુણા છે તે સ્થાનને મરણથી જીવ ફરસે તે ( क ) બાદર અને અનુક્રમે એકેક ફરસે તે ( ख ) સૂક્ષ્મ ભાવ પુદ્ગલ પરાવર્તન જાણવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહે છે તે માઈલનું માપ છે. હાલ નીચે પ્રમાણે ગણિતની ચોપન સંખ્યા મળી શકે છે. મહુવામાં એક હસ્તલિખિત પ્રત છે તેમાં નીચે પ્રમાણે એક સંખ્યા લખેલ છે:—

| | | |
|---|---|---|
| ૧ યંકં—એક | ૨૧ દહ પારધં—દસ પરાર્ધ) | ૪૧ દહ સંકં |
| ૨ દયં—દસ | ૨૨ સંખં | ૪૨ સેકં |
| ૩ સયં—સો | ૨૩ દસ સખં | ૪૩ દહ સેકં |
| ૪ સહસં—હજાર | ૨૪ રતનં | ૪૪ અસંખ્યં |
| ૫ દહસહસં—દસ હજાર | ૨૫ દહ રતનં | ૪૫ દહ અસંખ્યં |
| ૬ લખં—લાખ | ૨૬ નખડં | ૪૬ નીલં |
| ૭ દહ લખં—દશ લાખ | ૨૭ દહ નખડં | ૪૭ દહ નીલં |
| ૮ કોડં—ક્રોડ | ૨૮ સુઘટં | ૪૮ પારં |
| ૯ દહકોડં—દસ ક્રોડ | ૨૯ દહ સુઘટં | ૪૯ દહ પારં |
| ૧૦ અડબં—અબજ | ૩૦ રામં | ૫૦ કગાં |
| ૧૧ દહ અડબં—દસ અબજ | ૩૧ દહ રામં | ૫૧ દહ કંગાં |
| ૧૨ ખડવં—ખર્વ | ૩૨ પ્રસટં | ૫૨ ખીરં |
| ૧૩ દહ ખડવં—દસ ખર્વ | ૩૩ દહ પ્રસસટં | ૫૩ દહ ખીરં |
| ૧૪ નીખર્વં—નીખર્વ | ૩૪ હારં | ૫૪ પરબં |
| ૧૫ દહનીખર્વં—દસ ની. | ૩૫ દહ હારં | ૫૫ દહ પરબં |
| ૧૬ સૌરીજં | ૩૬ મનં | ૫૬ બલં |
| ૧૭ દહ સૌરીજં | ૩૭ દહ મનં | ૫૭ દહ બલં |
| ૧૮ પદ્મં—પદ્મ | ૩૮ વજરૂં | ૫૮ ફર્ણટક—ફાવડા(દોઢાનો આંક ) |
| ૧૯ દહપદ્મં—દસ પદ્મ | ૩૯ દહ વજરૂં | |
| ૨૦ પારધં—પરાર્ધ | ૪૦ સંકં | ૫૯ ઢોંસા—( સાડાચાર )ના આંકડા ઇત્યાદિ. |

આજ સંખ્યા પૈકીની અઢાર સંખ્યા બીજા નામો વડે ચાલુ અંકગણિતમાં શીખવાય છે તથા પુરાણીક ગણનામાં નીચે મુજબ પણ સંખ્યા કોષ્ટક પર નજર આવે છે.

| | |
|---|---|
| ૧ એક | ૭ દશ લક્ષ |
| ૨ દશ | ૮ કોટિ |
| ૩ શત | ૯ દશ કોટિ |
| ૪ સહસ્ત્ર | ૧૦ શત કોટિ |
| ૫ દશ સહસ્ત્ર | ૧૧ સહસ્ત્ર કોટી |
| ૬ લક્ષ | ૧૨ દશ સહસ્ત્ર કોટી |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | |
|---|---|
| ૧૩ લક્ષ કોટી | ૨૧ દશ લક્ષ કોટા કોટિ |
| ૧૪ દશ લક્ષ કોટી | ૨૨ કોટા કોટિ કોટિ |
| ૧૫ કોટાકોટીં | ૨૩ દશ કોટા કોટિ કોટિ |
| ૧૬ દશ કોટાકોટીં | ૨૪ શત કોટા કોટિ કોટિ |
| ૧૭ શત કોટાકોટીં | ૨૫ સહસ્ર કોટા કોટિ કોટિ |
| ૧૮ સહસ્ર કોટા કોટીં | ૨૬ દશ સહસ્ર કોટા કોટિ કોટિ |
| ૧૯ દશ સહસ્ર કોટા કોટિં | ૨૭ લક્ષ કોટા કોટિ કોટિ |
| ૨૦ લક્ષ કોટા કોટિં | ૨૮ દશ લક્ષ કોટા કોટિ કોટિ |
| | ૨૯ કોટા કોટિ કોટિ કોટિ |

એક જીર્ણપત્રમાં પદ્મરૂપીએ તો નવીજ સંખ્યા નોંધેલ છે જે આ પ્રમાણે છે.

એકમ્, દાયં, સતં, સહસં, દહ સહસં, લખં, દહ લખં, કોડં, દહકોડં, અબજં, દહ અબજં, ખરેણુ, દહ ખરેણુ, પદ્મ, દસ પદ્મ, ચોક, દસ ચોક, સમુદ્ર, દસ સમુદ્ર, ધ્વજ, દસ ધ્વજ, લીલમ, દસ લીલમ, ઈમટ, દસ ઈમટ, પારમ, દસ પારમ, સંખા, દસ સંખાઃ—

તે ઉપરાંત નીચેના મહા સંખ્યા કોષ્ટકો છે.

લાખ યોજન લાંબા પહોળા હજાર યોજન ઉડાંને ૮ યોજન વેદિકાવાલા ૧ અનવ સ્થિત, ૨ શલાકા, ૩ પ્રતિશલાકા, ૪ મહાશલાકા એ ચાર પ્યાલા કલ્પવા ને તેથી ઉતરોત્તર બમણા બમણા અસંખ્યાતા દ્વિપવાર્ધિ પલ્લા કલ્પવા. હવે પ્રથમનો પ્યાલો સરસવથી શીખાપૂર્ણ ભરી દૈવીક શક્તિથી દરેક દ્વિપવાર્ધિ પ્યાલામાં ક્રમે એકેક સરસવ નાખવો. જ્યાં તે પ્યાલો ખાલી થાય ત્યાંનો દ્વિપ-વાર્ધિ પ્યાલાને સરસવે ટોચ સુધી ભરી આગલના દ્વિપવાર્ધિ પ્યાલામાં એકેક સરસવ મુકતાં જવું અને આગળ વધતા જવું, તે બીજો અનવસ્થિત દ્વિપવાર્ધિ પ્યાલો જયારે પુરો ખાલી થઈ જાય ત્યારે ૨ શલાકા પ્યાલામાં એક સરસવનો દાણો નાખવો, બીજો અનવસ્થિત પ્યાલો જ્યાં પુરો થાય ત્યાં દ્વિપવાર્ધિ પ્યાલો વળી સરસવે ભરી—આગલ દ્વિપ સમુદ્રમાં સરસવ મુકતા જવું તે ખાલી થતાં શલાકા પ્યાલામાં બીજો સરસવનો દાણો નાંખવો. એમ અનવસ્થિત પ્યાલો આગળ કલ્પતાં જવો ને તે ખાલી થતાં શલાકા પ્યાલામાં એકેક દાણો નાખતાં જવો, એ પ્રમાણે શલાકા પ્યાલો ટોચ સહીત ભરાય તે ઉપાડી તેનો એકેક દાણો દ્વિપવાર્ધિ પ્યાલામાં નાખવો તે ખાલી થતાં એક દાણો પ્રતિશલાકામાં નાંખવો. વળી શલાકા પ્યાલાના છેલ્લા દાણાવાળા દ્વિપવાર્ધિ પ્યાલાને અનવસ્થિત કલ્પી શલાકા પ્યાલો ભરી ઉપર પ્રમાણે ખાલી થતાં પ્રતિશલાકામાં બીજો દાણો મુકવો—એમ ફરી ફરી કરવા વડે પ્રતિશલાકા પ્યાલો આખો ભરવો ને શલાકાની પેઠે તેની પણ પુરણ ક્ષેપન ક્રિયાથી ચોથામાં એકેક દાણો નાખવો એટલે અનવસ્થિત શલાકાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિશલાકા પ્યાલા પણ શીખા સુધી ભરવા. ત્યાર પછી બધા દ્વિપવાર્ધિ પ્યાલામાં નાખેલાને ચાર પ્યાલાના સરસવોને એકઠા કરવા તે સરસવની સંખ્યાના આંકને ઉત્કૃષ્ટ સંખ્યાતુ* કહે છે, તે પરથી ગણી ન શકાય તેવું ૨૭ સંખ્યાનું કોષ્ટક ઉભું થાય છે.

| | | |
|---|---|---|
| ૧ જઘન્ય સંખ્યાતુ | | બેની સંખ્યા. |
| ૨ મધ્યમ | ,, | ત્રણથી માંડી ઉ. સં. થી ૧ ઓછા સુધી. |
| ૩ ઉત્કૃષ્ટ | ,, | ચાર પ્યાલાના સરસવની સંખ્યાવાળું. |
| ૪ જઘન્ય પરિત અસંખ્યાતુ | | ઉત્કૃષ્ટ સંખ્યાતામાં એક ભેળવવું. |
| ૫ મધ્યમ પ્રત્યેક અસંખ્યાતુ | | જ૦ પ્ર૦ અથી ઉ૦ પ્ર૦ અ. સુધીનું વચલું. |
| ૬ ઉત્કૃષ્ટ પ્રત્યેક અસંખ્યાતુ | | જ–યુ–અ. માંથી ૧ ઓછું. |
| ૭ જઘન્ય યુકત ,, | | જ૦ પ્રત્યેક, અસં૦ નો રાશી વર્ગ કરવો ( સમયની આવલીવાળું ). |
| ૮ મધ્યમ | ,, ,, | ત્યારપછીથી વચલું. |
| ૯ ઉત્કૃષ્ટ | ,, ,, | જ. અ. અ. માંથી એકહીન. |
| ૧૦ જઘન્ય અસંખ્યાતુ અસંખ્યાતુ | | જઘન્યયુકત અસંખ્યાતાનો રાશિ વર્ગ. |
| ૧૧ મધ્યમ | ,, ,, | ત્યારપછી વચલું. |
| ૧૨ ઉત્કૃષ્ટ | ,, ,, | જઘન્ય પ્રત્યેક અનંતાથી એકહીન |
| ૧૩ જઘન્ય પ્રત્યેક અનંતુ | | જઘન્ય અસંખ્યાતા અસંખ્યાતાનો રાશી વર્ગ. |
| ૧૪ મધ્યમ | ,, ,, | ત્યારપછી વચલું. |
| ૧૫ ઉત્કૃષ્ટ | ,, ,, | જઘન્ય યુકત અનંતામાંથી એકહીન. |
| ૧૬ જઘન્ય યુકત અનંતુ | | જઘન્ય પ્રત્યેક અનંતાનો રાશી વર્ગ:. |
| ૧૭ મધ્યમ | ,, ,, | ત્યાર પછીથી. |
| ૧૮ ઉત્કૃષ્ટ | ,, ,, | જઘન્ય અનંતાનંતથી એકહીન. |
| ૧૯ જઘન્ય અનંતુ અનંતુ | | જઘન્ય યુકતાનંતનો રાશી વર્ગ. |
| ૨૦ મધ્યમ | ,, ,, | ત્યાર પછીથી. |
| ૨૧ ઉત્કૃષ્ટ | ,, ,, | છેલ્લુ માપ. |

00000000

* સંખ્યાતા માટે ૧૯૪ આંકવાલી "શીર્ષ પ્રહેલિકા" બુદ્ધિ ગમ્ય છે, પણ ઉપરોક્ત દ્વિપવાર્ધિનું ગણિત કલ્પના પ્રધાન હોવાથી ગણી શકાતું નથી કેમકે સમશ્રણીએ એક લાખ યોજનમાં ૬૧૪૪૦૦૦૦૦૦૦ આડા જવ સમાય છે જ્યારે લાંબા પ્હોળા લાખ યોજનના જંબુદ્વિપમાં કેટલા સરસવ સમાય અને કઇ સંખ્યા સંખ્યાતામાં આવે તે જ્ઞાન કલ્પનાતીત છે. તો પણ કલ્પના ખાતર એક જંબુદ્વીપમાં માત્ર બે સરસવ સમાય આ રીતે ગણતાં કેટલી સંખ્યા આવશે આ ગણના કરવા ઇચ્છા છે જે અતિ પ્રયાસ સાધ્ય છે તો પણ પ્રસંગે વાંચક સમક્ષ મુકવા આકાંક્ષા રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અસાર સંસાર વિષે.

### આત્મોપદેશ.

### શાર્દૂલવિક્રીડીત છંદ.

વેઠયું દુઃખ અત્યંત પાપ કરિને, માયા ઘણી સંઘરી.
લોભાણો નકી મોહપાસ જબરે, પુણ્યે ન પૈ વાપરી,
આરંભી દુષ્કામ તો જગતમાં, જાણી કીધાં સારને,
ગુમાવ્યો અમથો મનુષ્ય ભવ આ, ધિક્કાર ! સંસારને. ૧

બોલ્યાં જૂઠ વચન મન જરીના, શંકા ધરી તો કદા,
કુઠામે અતી આથડ્યો ખચીત તો, પૈસોજ લેવા સદા,
સારૂંને નરસું મનાવ્યું વદિને, સ્વાર્થે ન્યૂનાધિક તો,
શું ? થાશે જીવ તાહરૂં પછી અરે ! કીધું ન તેં ઠીક તો. ૨

જે દેખાય અનિત્ય નાર જગમાં, મોહ્યો ખરે તે પરે,
વીચારી મન જો તપાસ કરતું, છે શું ? ભર્યું અંદરે,
આળું ચર્મ મજ્જા અને રૂધિરને, અસ્થિ અને મેદથી,
સંધા એવી શરીર મોહ મન શું ? તેમાંનું રાખે અતી. ૩

સ્વાદેથી લલચાઇને કરમ તો, હીંસા કીધી તેં ભુંડા,
પાપે તો પરિવાર પેટ ભરવા, માપાં બનાવ્યાં કુડાં,
લીધા તેં અવગુણ તો પરતણા, ગ્રહ્યા ન ગુણો કદા,
કાયાએ વચને મને અશુભથી, દોષો કીધા સર્વદા. ૪

સારી અમૃત દેશના ગુરૂ તણી, શાસ્ત્રો ન સુણ્યાં કદા,
ચાલ્યો ના શુભ મારગે ધરમના, કુમાર્ગ દોડ્યો સદા,
રે ! રે ! આત્મ વિચાર સાર સમજી, બાજી હજી છે કરે,
તું તારૂં કરી લે તથા શિ પરની, રાખી ચિત્તે બીક રે. ૫

પી. એન. શાહ. થરા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દુઃખ રહસ્ય.

મનુષ્ય જીવન સર્વાંગે સુખી નથી. સમયે સમયે તેના જીવનપટ પર વિષાદ અને નિરાશાની શ્યામ છાયાઓ પડે છે. કોઈ પણ ગૃહ એવું નહિં હોય કે જ્યાં મૃત્યુની શ્યામ ઘેરી છાયા નહિં પડી હોય; કોઇ પણ મનુષ્ય એવું નહિં હોય કે જેણે તીવ્ર શોકના આંસુ નહિં સાર્યાં હોય; કોઇ પણ હૃદય એવું નહિં હોય કે જે વિયોગના દુઃખથી નહિં ભેદાયું હોય. આવા પ્રસંગો તો મનુષ્ય જીવન સાથે અનિવાર્ય રીતે ગૂંથાયલાજ હોય છે. આવા વિષમ પ્રસંગો તથા મનુષ્યના હૃદય અને મનમાં ઉઠતી અનેક આશાઓ અને અભિલાષાઓ, કલ્પનાઓ અને કામનાઓ, તેના જીવનના શાંત નિર્મળ ઝરણાને કલુષિત કરે છે.

પોતે કલ્પેલી સ્થિતિ પ્રાપ્ત કરવાને અને પ્રાપ્ત થયેલી પ્રતિકૂળ સ્થિતિ પરિહરવાને માનવી વિવિધ પ્રયત્નો આદરે છે, નાનાવિધ પ્રપંચો રચે છે. કોઇ શ્રીમંત થઇ સુખી થવાની આશા રાખે છે. તો કોઈ કીર્તિમાંથી સુખ સાંપડશે એવી માન્યતા બાંધે છે. વિદ્યારસિક વિદ્યાર્થી ઉચ્ચ પ્રકારના વાંચનમાં પોતાના જીવનની સફળતા સમજે છે, તો કોઇ પ્રેમ માર્ગનો ઘેલુડો પ્રવાસી જીગરના તૂટેલા તારનો કરૂણ ધ્વનિ કવિતામાં ઉતારી આત્માને શાંતિ આપવાનો યત્ન કરે છે. દરેક માનવી પોતાની કલ્પના પ્રમાણે સુખની મૂર્તિ ઘડે છે. એ સુખસુંદરીનો પાલવ પકડવાને માનવી નાના પ્રકારની તપશ્ચર્યા કરે છે. ઘડીભર એ વ્યોમવિહારી સુખસુંદરીની સોડમાં સુખના શ્વાસ લેતો ન હોય એમ દીસે છે પણ, નિદ્રા વેરાતા જુએ છે તો તે એકલો અને અટુલો ક્ષિતિજ પર પડેલો છે અને પેલી સુંદરી તો અટ્ટહાસ્ય કરતી દૂર સુદૂર વિહરે છે.

પણ મનુષ્ય આ દુઃખદ સ્થિતિમાંથી ઉગરી શકે છે; આ ઇંદ્રજાળમાંથી મુકત થઇ શકે છે. વસ્તુનું સત્ય સ્વરૂપ સમજવામાં સુખ સમાયલું છે. સત્યજ્ઞાન સુખનું કારણ છે; અજ્ઞાન દુઃખનું મૂળ છે. દુઃખ માનવી જીવનમાં પદાર્થપાઠ રૂપે છે. દુઃખથી ડરવું એ કાયર પુરૂષનું લક્ષણ છે. પરંતુ દુઃખને વધાવી લેવું, તેની બરદાસ કરવી, એ વીર પુરૂષનું લક્ષણ છે. દુઃખ એ એક પ્રકારનો માનસિક અનુભવ છે. જ્ઞાનપૂર્વક વિચાર કરવાથી, આત્મ નિરીક્ષણ કરવાથી, આપણે તે સ્થિતિને સુખમાં પલટાવી શકીએ છીએ.

વાસ્તવિક રીતે દુઃખ જેવી કોઇ વસ્તુજ નથી. એ તો આપણા મનની નબળાઇ માત્ર છે.

એકાંતિક સુખ તે સાચું સુખ નથી. પણ દુઃખમાંથી નિર્ઝરતું સુખજ સુખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. દુઃખના ડુંગરમાંથીજ સુખના શાંત ઝરણા વહે છે. છતાં એ દુઃખના ડુંગરો રળીઆમણા દીસે છે. જગતના મહા ઉદ્ધારકોએ ઉપદેશ્યું છે કે 'દૈવ જે કરે છે તે સારા માટે.' ખરેખર ! આ સૂત્ર એ આપણા જીવનનો મહા મંત્ર છે, એ મંત્રને આપણા જીવનમાં ઉતારવાથી આપણે આપણું જીવન ઉચ્ચ, ઉજ્વળ અને ભવ્ય બનાવી શકીશું.

દુઃખ એ આપણા જીવનની શાશ્વત સ્થિતિ નથી, એ તો આપણા જીવનપટ પર, વિશાળ વ્યોમ વિહારી વાદળી જેમ સરિતાના શ્વેત પટને અલ્પ સમય માટે આચ્છાદે છે, તેમ દુઃખની પડછાયા આપણા જીવનપટ પર ટુંક સમય માટે પડે છે. જ્ઞાન રૂપી સૂર્યનો ઉદય થતાં દુઃખ અસ્ત પામે છે. દુનીયામાં દરેક વસ્તુને માટે ઔષધ છે. દુઃખનું મૂળ અજ્ઞાન છે, એનું ઔષધ જ્ઞાન છે.

દરેક માણુસ પોતાની સૃષ્ટિ રચે છે. આનંદી માણુસ હંમેશાં ઉલ્લાસ અને ઉમંગી વાતાવરણમાં વિહરે છે. તે આનંદી રહે છે અને તેના ઉરસરોવરમાંથી ટપકતા આનંદની અંજલી બીજાને અર્પે છે. બળેલા માણુસની મુખમુદ્રા હંમેશા શ્મશાન શોકથી છવાયલી રહે છે. તે પોતે સૂકાય છે અને બીજાને સૂકવે છે ? મનુષ્યના મનમાં સ્વર્ગનું નર્ક અને નર્કનું સ્વર્ગ બનાવવાની શક્તિ રહેલી છે. આપણા સુખદુઃખની ચાવી આપણા હાથમાંજ છે. મનુષ્યનું મન જંગલમાં મંગળના મહાલયો રચે છે, સંસારમાં સ્વર્ગ સર્જે છે. બાહ્ય વસ્તુની આપણા મન પર જેવી અસર થાય છે, તેના પર આપણા સુખદુઃખનો આધાર રહે છે; કારણકે સુખ અને દુઃખ એ એક પ્રકારનો માનસિક અનુભવજ છે. દુઃખમાંથી સુખનું નવનીત નીતારવું કે સુખમાંથી દુઃખનું વિષ કહાડવું એ મનુષ્યના હાથમાંજ છે. મનુષ્યનું મન સુખ અને દુઃખનું કારણ છે. સતત્ આત્મ-નિરીક્ષણ અને સંયમથી મનની એકરૂપતા પ્રાપ્ત કરવી એ સુખનો રાજમાર્ગ છે.

મનુષ્યનું વ્યક્તિત્વ કેટલેક અંશે તેના દુઃખનું કારણ છે. જ્યારે મનુષ્યમાં વ્યક્તિત્વ પ્રધાનપદ ભોગવે છે ત્યારે તેના જીવનપટને અભિમાન, સ્વાર્થ અને સંકુચિતપણાનો પાશ લાગે છે. તેનું જીવન વિષવાદી બને છે. પણ મનુષ્યનું વ્યક્તિત્વ જ્યારે સમષ્ટિમાં લય પામે છે ત્યારે તેનું હૃદય પ્રેમથી નીતરે છે, તે અતુલ આનંદ અનુભવે છે. સ્વાર્પણ અને સેવાના સુંદર ગુણોથી તેનું જીવન દીપે છે. 'જન સેવા એજ પ્રભુ સેવા' એ તેના જીવનનો મહામંત્ર બને છે. તે પારકાના દુઃખે દુઃખી અને સુખે સુખી થાય છે.

કર્મના અચળ નિયમમાં અડગ શ્રદ્ધા મનુષ્યને દુઃખ સહન કરવાની શક્તિ આપે છે. આપણા દુઃખના બીજ આપણે વાવેલા હોય છે અને તેનું ફળ આપણે સહન કરવું જોઈએ. દુઃખથી દબાઈ ન જતાં, પ્રભુ પર અનન્ત શ્રદ્ધા રાખી, તેને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધૈર્યથી સહન કરવામાંજ ખરૂં મનુષ્યત્વ રહેલું છે. દુ:ખથી અકળાઈ જવું, અને તેનો દોષ પ્રભુને શીરે નાંખવો એ પ્રભુના પ્રેમરાજ્ય સામે દ્રોહ કરવા બરોબર છે. દુ:ખની એરણ પરજ મનુષ્યનું જીવન ઘડાય છે. દુ:ખની કડવાશમાંથી જ જીવનની મીઠાશ જન્મે છે.

મનુષ્ય વાસ્તવિક રીતે સુખી થવા કરતા બીજાની દૃષ્ટિમાં સુખી દેખાવાના યત્ન કરે છે. આથી તે દુ:ખી થાય છે. આંતરિક જીવનની ઉત્કૃષ્ટતામાં સુખ રહેલું છે. આંતરિક જીવનની શુભ્ર જ્યોત્સનામાં વિહરતા આત્માઓજ શીતળતા, સુખ, અનુભવે છે, તેમની ઝુંપડી રાજભુવનોને ઝાંખા પાડે છે; તેમની આત્મલક્ષ્મી રાજલક્ષ્મીને શરમાવે છે; ને તેમની ગરીબાઈ અમીરાઈને નમાવે છે. આવા વિરલ પુરૂષો જ આદર્શ પુરૂષો છે. તેઓ જનસમાજના તિલક રૂપ છે.

શ્રીમાળી પોળ.
ભરૂચ. તા. ૧૭ ઓગષ્ટ ૧૯૨૪

ઉત્તમચંદ લલ્લુભાઈ ઝવેરી.
બી. એ. એલ એલ. બી.

# ઐતિહાસિક નોંધ.

ગતાંક પૃષ્ટ ૧૮ થી શરૂ.

૮૦૨—વનરાજે પાટણ વસાવ્યું, રાજવિહારમાં પંચાસરા પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી.

૮૧૭—( ગુપ્ત સંવત્ ૪૪૭ ) છેલ્લો શિલાદિત્ય વલ્લભીનો રાજા હતો તે અરસામાં વલ્લભીનો છેલ્લો ભંગ થયો.

૮૦૦ થી ૮૯૫—અમરાજા ( ગ્વાલીયર ) ને પ્રતિબોધક બપ્પભટ્ટી સૂરિની હૈયાતિ,

૮૦૦ થી ૯૦૦—માં આદ્ય શંકરાચાર્યની ઉત્પત્તિ, તેણે—પુરાણ-સ્મૃતિ આદિમાં વૃદ્ધિ હાનિ કરી.

૯૧૯—આચારાંગાદિ અંગના વૃત્તિકાર **શીલાંકાચાર્ય**નો વિદ્યમાન કાળ.

૯૯૪—વનવાસી ગચ્છનું નામ બદલાઈ વડગચ્છ પડયું.

૧૦૦૮—શાલીવાહનની હૈયાતિ.

૧૦૧૦—સર્વ દેવસૂરિ પાસે કુંકુણ મંત્રીએ દીક્ષા લીધી.

૧૦૨૬—તક્ષશીલાનું નામ ગીજની પડયું (?)

૧૦૨૯—માં ધનપાળ કવિની હૈયાતિ.

૧૦૭૬—( સને ૧૦૨૦ ) માં લીંબડી પાસેના શીયાણી ગામમાં સંપ્રતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજાએ કરાવેલ જીનાલયમાં જાુઠા માધવજીએ જીર્ણોદ્ધાર કરી પ્રભુ શાન્તિનાથ આદિ જીન પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી.

૧૦૮૪ અથવા ૧૨૦૪—ખરતર ગચ્છોત્પતિ.

૧૦૮૮ થી ૧૧૩૫-અથવા ૧૧૩૯—સૂધીમાં નવાંગ ટીકાકાર અભયદેવસૂરિનો દિક્ષાપર્યાય યાને ( સાધુજીવન )નો સમય.

૧૦૯૬—વાદિ વેતાલ શાન્તિસૂરિનું સ્વર્ગગમન.

૧૧૧૧—બોડી મુગલે ભીન્નમાળ ભાંગ્યું.

૧૧૧૫—યદુવંશીય માંડલીક રાજાયે ગીરનાર પર સ્વર્ણપત્રથી જીનાલય બંધાવ્યું ( જુનાગઢનો શીલાલેખ )

૧૧૪૩ થી ૧૨૨૬-શ્રી વાદિ દેવ સૂરિની હયાતિ.

૧૧૪૯ થી ૧૨૩૦-ગુર્જરેશ્વર **કુમારપાળ**ની હયાતિ.

૧૧૪૫ થી ૧૨૨૯ કા. શુ. ૧૫ નાં કલિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિની હયાતિ અને તેઓએ નવ વર્ષની અવસ્થાએ દિક્ષા સ્વીકારી હતી.

૧૧૪૫—માં આ વખતે દશા અને વિશાના ભેદો થયા હતા.

૧૧૫૯—ચંદ્રપ્રભ સૂરિથી પુનમિયા ગચ્છોત્પતિ.

૧૧૬૫—શ્રી સંગ સંવત્ પ્રારંભ. વેરાવળમાં હરસદ માતાના મંદિરમાંથી સં ૧૩૨૦ ના નિકળેલ શીલાલેખમાં વલ્લભી સંવત્ ૯૪૫ હીજરી સંવત્ ૬૬૨ ને શ્રીસંગ ૧૫૫ એમ ત્રણુ સંવતની યાદિ મળે છે.

૧૧૬૮—ઘોઘામાં નવખંડા પાર્શ્વનાથ.

૧૧૬૯—વિધિપક્ષ ગચ્છોત્પતિ.

૧૧૮૩—દિગમ્બર સાથે વાદમાં વાદિ દેવસૂરિની જય પ્રાપ્તિ, અને તે જય પ્રાપ્તિમાં—સિદ્ધરાજ જયસિંહે આપવા માંડેલ દાનનો અસ્વિકાર અને તેથી ઋષભજીનાલયની સ્થાપના.

૧૧૯૦—દ્વાર સમુદ્રમાં જૈનવિષ્ણુવર્ધન રાજાની હયાતિ.

૧૧૯૫—રામાનુજ સંપ્રદાયથી દ્વૈતવાદી રામાનુજી આચાર્ય થયા હતા.

૧૧૯૯—માગશીર વદ ૩ રવીભરણી મધ્યાન્હે **સમ્રાટ કુમારપાળનો** રાજ્યાભિષેક.

૧૨૧૩—અંચલ ગચ્છોત્પતિ, બાહડ મંત્રીએ કરેલ શત્રુંજયનો ચૌદમો ઉદ્ધાર.

૧૨૨૬—સાર્ધપુર્ણિમા મત્તોત્પત્તિ.

૧૨૪૦—જગત્ ચંદ્રસૂરિનો વિદ્યમાન કાળ.

૧૨૫૦—આગમિકોત્પત્તિ.

૧૨૫૫—જેસલમેરમાં ચાવડો રાઉદેવડ રાજા હતો.

૧૨૫૭—સુર્યવંશી રાહુ રાજાને ' રાણા ' નું બીરૂદ મળ્યું ને ખંડેરક ગચ્છના આચાર્યની આજ્ઞાધારક તરિકે " સીસોદીયા વંશ સ્થપાયો. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૨૬૪—તાલધ્વજ પાસે ટીમાણા ગામમાં પ્રભુ મહાવીર પ્રતિમાની પ્રતિષ્ઠા.

૧૨૮૫—વૈ. શુ. ૩ જગચ્ચંદ્રસૂરિની તપસ્યાના પ્રભાવે વડગચ્છનું તપગચ્છ નામ પડયું (૧૨૮૩)

૧૩૦૦—(ઇ. સ. ૧૨૪૪) સેજકપુરના વાણીયાએ શીયાલ બેટમાં મલ્લીનાથ પ્રભુની પ્રતિષ્ઠા કર્યાનો શીલાલેખ મળે છે.

૧૩૧૩-૧૩૧૪-૧૩૧૫—દુષ્કાળભંજક જગડુશાહની હયાતિ અને ભારતવર્ષમાં ત્રણ વર્ષ પડેલો દુષ્કાળ. આ ત્રણવર્ષ પર્યન્ત આર્યાવર્તનો કુબેર ભંડારી જગડુશાહે અઢળક દાન આપી દુષ્કાળને સુકાળ બનાવ્યો. આ દુકાળમાં જગડુશાહે અનન્ય સહાય કરી હતી.

૧૩૩૧—લક્ષ્મણસિંહના કાકા ભીમની પત્ની પદ્મિનીના નિમિત્તે થએલ યુદ્ધમાં ચિત્તોડ ભાંગ્યું.

૧૩૩૯—અર્બુદાચળમાં વિમળશાહ પ્રતિષ્ઠિત ધાતુ પ્રતિમાનો મ્લેચ્છોએ ભંગ કર્યો.

૧૩૪૯—સ્યાદ્વાદ મંજરીકાર મલ્લીષેણ સૂરિની હયાતિ.

૧૩૬૩—સિદ્ધપુરના રૂદ્રાલયનો ભંગ (વિ૨૦)

૧૩૬૯—અલ્લાઉદ્દીન ખુનીએ શત્રુંજય પર આદિનાથ ભગવાનની મૂર્તિ ખંડિત કરી હતી.

૧૩૮૦—..............................માં વિજયાનંદ સૂરિનો જન્મ.

૧૪૦૯ થી ૧૪૫૫—કુલ મંડનસૂરિની હયાતિ.

૧૪૩૬ થી ૧૫૦૩—સહસ્રાવધાની અધ્યાત્મયોગી શ્રી મુનિ સુંદરસૂરિની હયાતિ.

૧૪૭૦—વઢીયારમાં દૂકાલ પડતાં ત્યાંના જૈન પરમારો ગોડીચા પાર્શ્વનાથને સાથે લઇ ઝાલાવાડમાં આવ્યા અને મૂલી વસાવી ત્યાં પોતાની ગાદી સ્થાપી તથા ગોડિચા પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી, જે મૂર્તિ અત્યારે પણ મોઢે કરાવેલ જૈનમંદિરમાં "માર્તંડરાય" ના નામથી પૂજાય છે તેની પૂજા વિધિ પણ જૈન વિધિપ્રમાણે થાય છે.

૧૩૭૧—સમરાશાહે શત્રુંજય પર પંદરમો ઉદ્ધાર કરાવ્યો.

૧૫૦૮—લુંપક (લોંકા) મતની ઉત્પત્તિ

૧૫૨૫—જેસલમીરના શ્રાવકે શત્રુંજયપર મંદીર બંધાવ્યું.

૧૫૩૫—શૈવપંથમાંથી કૃષ્ણની ઉપાસનામાં ભકિતનો રસ ઝીલનાર પુષ્ટિ માર્ગના પ્રથમ પુરૂષ વલ્લભાચાર્ય થયા.

૧૫૪૭—થી નિર્મલ ક્રિયા પ્રવર્તક શ્રી આનંદવિમલસૂરિની હયાતિ.

૧૫૫૭— સૂર્યવંશી લક્ષ્મણસિંહના પુત્ર મોકલના વખતમાં નાડુલાઈની પ્રતિષ્ઠા કર્યાનો શીલાલેખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૫૬૪—( ૧૫૬૨ ) કટુ કમતની ઉત્પત્તિ તેણે ત્રણ થોઇની પ્રવૃતિ કરી
૧૫૭૦—લુંપકમાંથી બીજમતની ઉત્પત્તિ.
૧૫૭૨—પાયચંદ ગચ્છની ઉત્પત્તિ.
૧૫૮૨—ગુરૂ આજ્ઞાથી આનંદ વિમલસૂરિએ ક્રિયોદ્ધાર કર્યો.
૧૫૮૩—સમ્રાટ્ અકબરના પ્રતિબોધક શ્રી હીરવિજય સૂરિનો જન્મ.
૧૫૮૭—કરમાશાયે શત્રુંજય ઉપર સોલમો ઉદ્ધાર કરાવ્યો. આ કરમાશાહે વિદ્યામંડન સૂરિ તથા ઉ૦ વિનયમંડનની સાથે શત્રુંજય પર આવી ગુજરાતના બાદશાહ મુજફ્ફરશાહના રાજ્ય કાલમાં સં. ૧૫૮૭ ના વૈશાખ વદી ૬ ને રવીવારે શ્રવણ નક્ષત્રમાં ધનુલગ્નમાં આદિનાથની મૂર્તિની પ્રતિષ્ઠા કરી મહા ( સોલમો ) જીર્ણોદ્ધાર કરેલ છે. અત્યાર સુધીમાં આ છેલ્લો જીર્ણોદ્ધાર છે.
૧૬૧૯—ઉપાધ્યાય ધર્મસાગરજીને ગચ્છ બહાર કર્યા.
૧૬૩૯—જેઠ વદી ૧૩ ના હીરવિજય સૂરિનો ફતેહપુર સીક્રીમાં પ્રવેશ.
૧૬૫૨—( ઇ૦ સ૦ ૧૫૯૬ ) કા. વ. ૫ ઉનાના શાહબાગમાં જગતગુરૂ શ્રીહીરવિજયસૂરિના સ્મરણ લેખમાં શત્રુંજયની યાત્રાનો જજીયાવેરો માફ કર્યાનો ઉલ્લેખ છે. વિજયસેન સૂરિને ભટ્ટારક પદારોપણ.
૧૬૫૪—જ્ઞાન વિમલસૂરિ વિજયસેન સૂરિની દિક્ષા.
૧૬૫૭—વિચાર રત્ન સંગ્રહની જયસેન સૂરિએ રચના કરી.
૧૬૬૨—કડવા નામના વાણિયાથી કડવો મત ચાલ્યો, તેણે ત્રણ થોઈ માની. ભંડારીજીએ શત્રુંજય પર ચંદ્રપ્રભુનું મંદીર બંધાવ્યું.
૧૬૭૧—વિજયસેન સૂરિનું સ્થંભન તીર્થમાં સ્વર્ગગમન.
૧૬૭૨—લોંકામાંથી ઢુંઢીયા મતોત્પતિ.
૧૬૭૫—રાજનગરના સદા સામજીએ શત્રુંજય પર ચૌમુખજીની ટુંક બંધાવી.
૧૬૭૬—અંચલગચ્છીય કલ્યાણસાગર સૂરિએ જામનગરમાં વર્ધમાનશાહે સાત લાખ મુદ્રીકાના ખર્ચથી બંધાવેલા શાન્તિનાથના દેરાસરમાં વૈશાખ શુ. ૩ બુધવારે પાંચસો એક મૂર્તિની પ્રતિષ્ઠા કરી.
૧૭૨૨—ક્રિયોધારી ઉપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજી મહારાજ તથા યોગીસમ્રાટ શ્રી આનંદઘનજી મહારાજનો વિદ્યમાન કાળ.
૧૮૧૮—રઘુનાથનો શિષ્ય ભીખમજીએ તેરાપન્થ મત કાઢયો.
૧૮૪૩—શત્રુંજયપર પ્રેમચંદ મોદીની ટુંકની સ્થાપના.
૧૮૬૧—શત્રુંજયપર સુરતી ઇચ્છાભાઈ શેઠે ઇચ્છાકુંડ બંધાવ્યો.
૧૮૮૨—શત્રુંજયપર હેમાભાઇ વખતચંદે ટુંક બંધાવી.
૧૮૮૩—દીવના શ્રીમાલી સંઘે ગીરનારની પૂર્વપાજનો ઉદ્ધાર કરાવ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૮૮૬—શત્રુંજયપર અદબદજી ( આદિશ્વર પ્રભુ ) ની પ્રતિમા કોતરાવી, શાહ ધર્મદાસજીએ મંદીર બંધાવ્યું તથા તપાગચ્છાધિરાજ શ્રી મૂલચંદ્રજી ગણીનો સ્યાલકોટમાં જન્મ.

૧૮૮૭—શત્રુંજયની તળાટીમાં ધોલેરાવાળા વીરચંદ ભાઇચંદે મંડપ બંધાવ્યો.

૧૮૯૩—શત્રુંજયપર મોતીશાહ શેઠે કુંતાસરની ખીણ પુરી. ઉપર ટુંક બંધાવી, પ્રતિમાની અંજન શલાકા કરી અને તેમના પુત્ર ખીમચંદ શેઠે તે ટુંકમાં પ્રતિષ્ઠા કરી, તથા બાલાભાઈની ટુંક અને સાકરચંદ પ્રેમચંદની ટુંક બંધાણી.

૧૮૯૩ થી ૧૯૫૩—સુધી પૂજ્યપાદ વિજયાનંદસૂરીશ્વરની હયાતી.

૧૮૯૪ થી ૧૯૨૨—બાવીશ હજારના ખર્ચે ટીકરમાં જીનાલયની સ્થાપના.

૧૯૨૧—નરશી નાથાની અંજનશલાકા.

૧૯૨૮—શત્રુંજયપર કેશવજી નાયકે ટુંક બંધાવી.

૧૯૪૫—માગ૦ શુદિ ૬ તપાગચ્છાધિરાજ પૂજ્યપાદ મૂલચંદ્રજી ( મુક્તિવિજયજી ) ગણનું સ્વર્ગગમન. તેઓશ્રીનો સં. ૧૮૮૬ માં સ્યાલકોટમાં જન્મ સં. ૧૯૦૨ ઢુંઢકમતની દીક્ષા.

૧૯૧૨—માં અમદાવાદમાં સંવેગીપક્ષ ગ્રહણ અને દીક્ષા. સં. ૧૯૨૩ માં અમદાવાદમાં ગણિપદ પ્રાપ્તિ તથા સં. ૧૯૪૫ ના માગશર વદી ૬ ના રોજે ભાવનગરમાં સ્વર્ગગમન થયેલ છે.

૧૯૧૩—ચૈત્ર શુદિ ૨ થી ૧૯૭૪ આસો શુદિ ૧૦ સુધી શ્રીમાન્ વિજયકમલસુરિશ્વજીની હૈયાતિ.

૧૯૪૦—ના આસો વદી ૧૪ શુક્ર ( તા. ૧૭–૧૦–૧૮૮૪ ) થી સંવત ૧૯૭૪ આસો વદી ૧૦ ભોમ ( તા. ૧૯–૧૦–૧૯૧૮ ) સુધી શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુલના આદ્ય સંસ્થાપક પૂજ્યપાદ મુનિ મહારાજ શ્રી ચારિત્રવિજયજી ( કચ્છી ) ની હયાતિ.

૧૯૬૮—યશોવિજયજી જૈન ગુરૂકુલની સ્થાપના.

૧૯૬૯—પાલીતાણામાં થયેલ ભયંકર જલપ્રલય. ( જે વખતે એક મહાત્મા મુ. મા. શ્રી. ચારિત્રવિજયજી કચ્છીએ સાડાત્રણસો માણસોને તથા બીજા અનેક જીવોને બચાવ્યા–અભયદાન આપ્યું હતું. )

૧૯૭૦—પૂજ્યપાદ શ્રીવલ્લભવિજયજી મહારાજ સાહેબના અનન્ય પ્રયત્નથી મુંબઇમાં **શ્રી મહાવીર જૈન વિદ્યાલય**ની સ્થાપના.

લે૦ " વિહારી "

**ટીપણી**—અહીં હયાતિ શબ્દથી જે જે મહાપુરૂષો વા. મહાત્માઓની સંવત્ નોંધેલ છે ત્યાં પહેલા આંકથી જન્મ સંવત અને બીજા આંકથી સ્વર્ગારોહણનો સંવત સુચવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શિક્ષક અને શિક્ષણ.*

લેખક—પ્રો૦ કે૦ શાહ.

**" દયાળુ માતપિતાદિક પણ ધારે તો તેઓ બાળકોના ઉમદા શિક્ષકોની ગરજ સારી શકે "**

**૧ શિક્ષકોનો ધંધો ઉત્તમ** છે. ગુરૂ, મહેતાજી, વગેરે શબ્દો એ ધંધાની મહત્તા બતાવે છે. એ ધંધો ઉપદેશક કરતાં **જોખમવાળો** ને મુશ્કેલ હોવા છતાં **માનવંતો** છે.

૨ પ્રાચીન શાસ્ત્રોમાં **ગુરૂને દેવ સમાન ગણવાનું કહ્યું છે,** સદ્‌ગુરૂ સૌથી શ્રેષ્ટ છે.

૩ મહેતાજીએ ઉત્સાહથી કામ કરવાનું છે. કદી નિરૂત્સાહી થવું નહીં.

૪ શિક્ષકનો ધંધો સહેલો નથી. તે ધંધો શીખી, સુશિક્ષિત બનવું. લુહાર, સુથાર વિગેરેને નિર્જીવ વસ્તુ ઉપર કામ કરવાનું હોય છે, ત્યારે શિક્ષકને ચેતનવંત બાળકોપર કાર્ય કરવાનું હોઇ જો તે યથાયોગ્ય રીતે કામ ન કરે તો સંખ્યાબંધ અમૂલ્ય જીંદગી બગડે, **આજનાં બાળકો કાલે માણસ થવાનાં છે.**

૫ **પુરૂષ શિક્ષક કરતાં સ્ત્રી શિક્ષકની જોખમદારી વિશેષ છે.** કેમકે તેના હાથમાં કન્યાઓની એટલે ભવિષ્યની માતાઓની કેળવણી રહેલી છે, સ્ત્રીમાં કેટલાક એવા ગુણ રહેલા છે કે બાળકો સુશિક્ષિત સ્ત્રી પાસેથી પ્રેમભાવથી ઘણું શીખી શકે.

૬ શિક્ષકનો ધંધો ચલાવવામાં ઉપયોગી થઇ પડે એવું ખાસ શિક્ષણ આપવાની પાઠશાળાને ટ્રેનીંગ કોલેજ કહે છે. ત્યાં શિક્ષણનું **શાસ્ત્ર** શીખવવામાં આવે છે અને તેની સાથે પ્રેકિટસિંગ સ્કુલદ્વારા શિક્ષણની **કળા** શીખવવામાં આવે છે.

૭ સમજુતી સૂચનાઓ ને નિયમોનો સંગ્રહ તેનું નામ **શાસ્ત્ર** અને એ પ્રમાણે કામ કરી અનુભવ મેળવવો તેનું નામ **કળા.**

૮ જમાનાની સાથે રહેવા તથા ધંધાને યોગ્ય જ્ઞાનમાં વૃદ્ધી કરવા શિક્ષકોએ ઉત્તમ પુસ્તકો વાંચવાનો મહાવરો રાખવો, અને જીવન પર્યંત જ્ઞાનમાં વૃદ્ધિ કરવાનો ઉદ્યોગ કરતા રહેવું. શિક્ષક આળસુ ન હોવો જોઇએ.

૯ ભણાવવું અને કેળવવું એ બેમાં મ્હોટો તફાવત છે. ઠાંસી ઠાંસીને

* મૂળ લેખ ઉપરથી નકલ. પુ૦ ૬૫ અંક ૯ બુદ્ધિપ્રકાશમાંથી અવતરણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાન ભરવું કે ગોખણુ કરાવવું તે ભણુતર છે ને મનની, શરીરની, અને નીતિ વિષયક સર્વ શક્તિઓને ખીલવીને શિક્ષણ આપવું-એટલે સર્વ શક્તિઓની ખીલવણી કરવી તેનું નામ કેળવણી. શિક્ષકે કેળવણી આપવા ઉપર ખાસ લક્ષ આપવું.

૧૦ કેળવણીનો અર્થ બહોળો છે. બાળક ભણીને પંડીત થાય એટલે બસ નથી. તેના મગજમાં માત્ર જ્ઞાન ભરવાનું નથી. તેની વિચારશક્તિ ખીલવવાની છે અને જ્ઞાનનો ઉપયોગ કરતાં શીખવવાનું છે.

૧૧ કેળવણી ત્રણ પ્રકારની છે. મનની ( માનસિક ), તનની ( શારીરિક ) અને નીતિની ( નૈતિક )

૧૨ બુદ્ધિની કેળવણી ન મળે તો બાળક અજ્ઞાની અને ઓથડ થાય. મનની શકિતઓ ખીલવવાથી બુદ્ધિની કેળવણી મળે છે. ગોખણુથી મળતી નથી.

૧૩ શરીરની કેળવણી ન મળે તો બાળકો નિર્બળ અને નિર્માલ્ય થાય, શિક્ષકની રહેણી કરણી અને નીતિપાઠોની અસરકારક સમજુતીથી એ કેળવણી આપી શકાય. જુદી જુદી જાતની કસરત અને ડ્રીલ વગેરેથી એ કેળવણી મળી શકે છે.

૧૪ નીતિની કેળવણી ન મળે તો અસભ્ય ને અવિવેકી થાય.

૧૫ કિન્ડરગાર્ટનની સીસ્ટમથી એકી સાથે ત્રણે પ્રકારની કેળવણી મળે છે.

૧૬ શિક્ષક સદાચરણી ને ન્યાયી ન હોય, મનને કબજામાં રાખી શકે તેવો ન હોય તો તેની અસર બાળકો પર કદિ સારી થશે નહીં.

૧૭ પ્રભુ પરાયણ વૃત્તિ રાખી દરેક શિક્ષકે કર્ત્તવ્ય પરાયણ થવું.

# વર્તમાન સમાચાર.

લાહોર પંજાબમાં બિરાજમાન મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજની સાથે ચાતુર્માસ રહેલ તપસ્વી શ્રી ગુણવિજયજી મહારાજ શ્રી એકને પારણે બે, બેને પારણે ત્રણ, ત્રણને પારણે ચાર, ચારને પારણે પાંચ પાંચને પારણે છ, અને છને પારણે અઢાર ઉપવાસ કર્યા છે, તેમનું પારણું ભાદરવા શુદ ૫ ગુરૂવારે આવશે. આવી ઉત્કૃષ્ટ અને અપરિમિત તપસ્યા ઉક્ત મહાત્માએ કરી છે. તેઓશ્રી તો તપનું અપૂર્વ આરાધન આવી રીતે નિરંતર કરે છે, જે સાંભળી અત્યાનંદ થાય છે. જૈન સમાજને ખરેખર અનુમોદન કરવા જેવું છે. અમો પરમાત્મા પાસે પ્રાર્થના કરીયે છીયે કે સુખ શાંતિપૂર્વક તે તપ પૂર્ણ થાઓ.

For Private And Personal Use Only

# ગ્રંથાવલોકન.

ઇશાવાસ્યોપનિષદ્–ભાવાર્થ આ ઉપનિષદ્ વેદની હોવા છતાં જૈન સ્યાદ્વાદ દૃષ્ટિએ તેનો ભાવાર્થ–વિવેચન આચાર્ય શ્રી બુદ્ધિસાગરજી મહારાજે કરેલ છે. આવા ગ્રંથોના જૈન દૃષ્ટિએ વિવેચનો લખવા તે પુરી વિદ્વત્તા વગર બની શકે નહીં. વેદોની શ્રુતિયો તથા ઉપનિષદો જુદો જુદો મત દર્શાવે છે, તે સર્વ શ્રુતિયોની એક વાક્યતા અપેક્ષાએ કરનાર ખરેખર સર્વજ્ઞ મહાવીર કથીત સાપેક્ષ નયવચનોજ છે અને શ્રી મહાવીર પ્રરૂપીત નય દૃષ્ટિઓનું સાપેક્ષીક જ્ઞાન કર્યા વિના વેદો કે ઉપનિષદોના સમ્યગ્ અર્થ પણ થઇ શકતા નથી. આવી રીતે ઉપનિષેદાદિ શાસ્ત્રોનો અનેક નયોની અપેક્ષાએ સમ્યગ્ અર્થ કરીને તેના ભાવાર્થને જૈન દર્શનના તત્ત્વજ્ઞાનમાં ઉતારી તેનું વિવેચન કરી તેઓનો સમ્યગ્ અર્થ કરીને પ્રકટ કરવામાં આવે તો આ વિશ્વના લોકોને મિથ્યા જ્ઞાનમાંથી ઉદ્ધાર થતાં તેઓ સમ્યગ્ જ્ઞાન પ્રાપ્ત કરી શકે. આ ગ્રંથ પણ વેદની પ્રથમ ઉપનિષદ્ ઇશાવાસ્યોપનિષદ્નો જૈન સ્યાદ્વાદ દૃષ્ટિએ ભાવાર્થ અને વિવેચન લખાયેલ હોઇ જૈનેતરને પણ ખાસ ઉપયોગી અને સમ્યગ્ દર્શન પ્રાપ્ત થવાના સાધનરૂપ છે. બીજા દર્શનો અમુક અમુક નયની અપેક્ષાએ હોવાથી આત્માના અસંખ્ય કિરણો પૈકી અમુક કિરણો તેજ મત દર્શન પંથ છે અને અનંત કિરણો તે સર્વ અપેક્ષાએ સત્ય છે, કારણ કે જૈન શાસ્ત્રોમાંથી સાત નયોની સાપેક્ષા જ્ઞાન પ્રાપ્ત કરવાથી તેની સત્ય કુંચી માલમ પડે છે. એકંદર રીતે આ ગ્રંથ જૈન અને જૈનેતર બંનેને ઉપકારક હોવાથી અમો તેને પઠન કરવા ભલામણ કરીયે છીયે. પ્રકાશક—અધ્યાત્મજ્ઞાન પ્રચારક મંડળ.

હા૦ વકીલ મોહનલાલ હીમચંદ પાદરા કીં. ૧–૦–૦

**શુદ્ધોપયોગ વિગેરે**—શુદ્ધોપયોગ, દયાગ્રંથ, શ્રેણીક સુબોધ, અને કૃષ્ણ ગીતા આ ચાર વિષયો આ ગ્રંથમાં દાખલ કરવામાં આવેલ છે. પ્રથમમાં આધ્યાત્મિક દૃષ્ટિ અનેકાંત અપેક્ષાએ મુખ્યત્વ છે, બીજામાં દયાના અને હિંસાના અનેક ભેદોનું નય દૃષ્ટિએ વર્ણન કરેલ છે. ત્રીજામાં ભજનપદ સંગ્રહના નવમા ભાગમાં ગુજરાતી ભાષામાં આવેલ શ્રેણીક સુબોધનું સંસ્કૃતમાં ભાષાંતર કરેલ છે અને નવલકથાની દૃષ્ટિએ સંસ્કૃતમાં કૃષ્ણ ગીતા ચોથામાં આપવામાં આવેલ છે. આ ચારે વિષયો સંસ્કૃતમાં આવેલ છે તે સંસ્કૃતના અભ્યાસીઓ માટે ઉપયોગી છે. આ ગ્રંથ પણ આચાર્ય મહારાજ શ્રી બુદ્ધિસાગરજી મહારાજના કૃતિના છે. બંને ગ્રંથમા શુદ્ધિપત્રક ઘણુંજ આપવામાં આવેલ છે તેથી તેની દરકાર રાખવા જરૂર છે. પ્રકાશક

અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ પાદરા. કિં ૦–૧૨–૦

**૩–જ્ઞાનપંચમી અને તેનું ઉદ્યાપન**—નામની બુક તેના લેખક અને પ્રકાશક શાહ માવજી દામજી તરફથી એમોને અભિપ્રાય માટે મળેલ છે, આ બુકમાં તેનો ઉદ્દેશ કથા, પ્રકાર અને ઉદ્યાપન પદ્ધતિ સંબંધી હકીકતો આવેલી છે. હાલમાં કરવામાં આવતા જ્ઞાનપંચમીના ઉદ્યાપનોના સંબંધમાં આ ગ્રંથની પ્રસ્તાવનામાં સોના ન્યાલચંદ લક્ષ્મીચંદ બી. એ. એલ. એલ. બી. એ કરેલો ઉલ્લેખ વાંચવા જેવો છે. અને તે સંબંધી છેલ્લે આપવામાં આવેલો તે સંબંધિ લેખકનો નિબંધ કે ખાસ હાલની પદ્ધતિમાં ફેરફાર કરવાનું ઘણે ભાગે જણાવેલ છે તે લક્ષમાં લેવા જેવું છે. એકંદરે આ લઘુ બુક પઠન કરવા યોગ્ય છે. **કિંમત ચાર આના પ્રકાશક પાસેથી મળશે. ઘાટકોપર પર મુંબઇ શાહ હીરાલાલ અમૃતલાલનો બંગલો.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## જૈન મેઘદૂત મહાકાવ્ય ( સંસ્કૃત મૂળ ટીકા સાથે )

અન્ય દર્શનીઓનાં કાવ્યોની જેમ જૈન દર્શનના વિદ્વાન મહાત્માઓએ પણ અનેક ઉત્તમ કાવ્યો કરેલાં છે; પરંતુ કેટલાંક સાધનોને અભાવે કેટલાક સમયથી તેમનું પઠનપાઠન બંધ થયેલું જોવામાં આવે છે. અને તેવા ઉત્તમ કોટીના કાવ્યો પ્રકટ પણ અલ્પ અંશે થાય છે. વર્તમાન સમયમાં સંસ્કૃત ભાષાના અભ્યાસીઓને તથા જીજ્ઞાસુઓને સમયાનુકૂળ સાધનો પૂરાં પાડી આપવાં વિવિધ પ્રકારનું સાહિત્ય આ સભા પ્રકટ કરે છે. ઉપરોક્ત મેઘદૂત કાવ્ય શ્રીમેરૂતુંગ આચાર્યે રચેલ છે, અને તેની ટીકા શ્રી શીલરત્નસૂરિની કરેલી કે જે એક અદ્ભુત કાવ્યરચના છે. જેથી કાવ્યના અભ્યાસીઓ માટે ખાસ આ મહાકાવ્ય સટીક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ કાવ્યનો પરિચય અતિ ઉપયોગી હોવાથી જનસમૂહમાં સહેલાઇથી તેનો પ્રચાર થવા માટે અનેક ભંડારોમાંથી અનેક પ્રતો મેળવી ઘણા પ્રયત્ને શુદ્ધ કરી તેને પ્રકટ કરવામાં આવેલ છે અભ્યાસીઓ માટે એક અપૂર્વ કૃતિ હોઇ અવશ્ય ખરીદવા યોગ્ય છે. કી. રૂા. ૨-૦-૦ પો. જુદું.

---

## વાંચનના પ્રેમી બંધુઓ માટે ખાસ નવા વાંચવા યોગ્ય ઉત્તમ ગ્રંથો.

૧ પંચપરમેષ્ઠી ગુણમાળા, ૧-૮-૦
૨ સુમુખનૃપાદિ કથા. ૧-૦-૦
૩ શ્રીનેમનાથ ચરિત્ર. ૨-૮-૦
૪ શ્રીસુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૧ લો ૨-૦-૦
૫ શ્રીઅભયકુમાર ચરિત્ર ભાગ ૧ લો. ૨-૦-૦
૬ સદર ભાગ ૨ જો. ૩-૦-૦
૭ શ્રી પંચપ્રતિક્રમણ વિધિ સહિત વાંચી જવાથી ઘેર બેઠા થઇ શકે છે. ૨-૦-૦
૮ શ્રીજંબુસ્વામી ચરિત્રઆદર્શ મહાપુરૂષ ચરિત્ર. ૧-૮-૦
૯ શ્રી ચંપકમાલા સતી ચરિત્ર-આદર્શ સ્ત્રી ચરિત્ર. ૦-૮-૦
૧૦ સંબોધસિત્તરી-જૈનતત્ત્વજ્ઞાનનો અપૂર્વ ગ્રંથ. ૧-૦-૦
૧૧ શ્રી ઉપદેશ સપ્તતિકા ઇતિહાસિક કથા ગ્રંથ. ૧-૦-૦
૧૨ શ્રી વિવિધ પૂજા સંગ્રહ ( તદ્દન નવીન પૂજાનો સંગ્રહ. ૨-૦-૦
૧૩ આદર્શ જૈન સ્ત્રીરત્નો. ૧-૦-૦
૧૪ શ્રી સુપાર્શ્વનાથચરિત્ર બીજો ભાગ. ૨-૮-૦

---

## અમારી સભાનુ જ્ઞાનોદ્ધાર ખાતું.

૧ જૈન ઐતિહાસિક ગુર્જર રાસ સંગ્રહ
૨ ષટસ્થાનક સટીક.
૩ વિજ્ઞપ્તિ સંગ્રહ.
૪ સંસ્તારક પ્રકીર્ણક સટીક.
૫ શ્રાવકધર્મ વિધિ પ્રકરણ સટીક.
૬ વિજયદેવસૂરિ મહાત્મ્ય.
૭ જૈન ગ્રંથ પ્રશસ્તિ સંગ્રહ.
૮ લિંગાનુશાસન સ્વોપજ્ઞ ( ટીકા સાથે )
૯ ગુરૂત્ત્વ વિનિશ્ચય. શેઠ પરમાણંદદાસ રતનજી ગોધાવાળા, હાલ મુંબઇ.
૧૦ શ્રી વિમલનાથ ચરિત્ર ભાષાંતર.
૧૧ દાનપ્રદિપ વકીલ નાનાલાલ હરિચંદ ભાવનગર તરફથી.
૧૨ ધર્મરત્ન પ્રકરણ ભાષાંતર.
૧૩ ચૈત્યવંદન મહાભાષ્ય ભાષાંતર.
૧૪ નવતત્ત્વ ભાષ્ય ( ભાષાંતર )
૧૫ પ્રભાવિક ચરિત્ર ભાષાંતર.

નંબર ૧૦-૧૨-૧૩-૧૪-૧૫ ના ગ્રંથમાં મદદની અપેક્ષા છે.

---

## ભેટ.

પંડીત શ્રી વીરવિજયજી કૃત સ્નાત્રપૂજા અર્થ વિધિ સાથે તથા શાંતિનાથજીનો કળશ, રત્નાકર પચીશી વગેરે સાથેનું પુસ્તક એક આનાની ટીકીટ મોકલનારને ભેટ મોકલી આપવામાં આવશે.

શા. બાલ[illegible] નાગરદાસ પાસેથી
ઠે. હાજા પટેલની પોળમાં [illegible]મંજીની પોળ--અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મનું કારણપણું.

" સર્વ પ્રાણીઓને જે સુંદર વિશેષતાઓ પ્રાપ્ત થાય છે તેનું અંતરંગ ( છુપું ) કારણ ધર્મ છે. એ મહાત્મા ધર્મ પ્રાણીને સારા કુળમાં ઉત્પન્ન કરે છે, તેજ તેને સારા ગુણોનું સ્થાન બનાવે છે, એનાં સર્વ અનુષ્ઠાનોને તે સફળ કરે છે, પ્રાપ્ત થયેલા ભાગોને તે વારંવાર ભોગવાવે છે, અને બીજા અનેક પ્રકારના શુભ વિશેષોને તે પ્રાપ્ત કરાવે છે અર્થાત્ એ ધર્મના પ્રતાપથી પ્રાણી એવા સુંદર સંયોગોમાં મૂકાય છે કે એ જે કાર્ય હાથમાં લે તેમાં તે સફળ થાય છે અને તેને ઇચ્છિત સર્વ વસ્તુઓ પ્રાપ્ત થાય છે. એવીજ રીતે આ પ્રાણીઓમાં નહિં પસંદ આવે તેવા તફાવતો વારંવાર જોવામાં આવે છે, તેનું કારણ અધર્મ છે. એ ખરાબ પરિણામ ઉત્પન્ન કરનાર અધર્મ આ પ્રાણીને અધમ કુળમાં ઉત્પન્ન કરે છે, સર્વ દોષોનું જાણે તે સ્થાન હોય એવી ખરાબ સ્થિતિ તેને પ્રાપ્ત કરાવી આપે છે, તે પ્રાણી જે જે ધંધાઓ કે વ્યવસાયો આદરે તે તે સર્વ નિષ્ફળ બનાવી દે છે અને પ્રાપ્ત થયેલા ભોગ ન ભોગવી શકાય તેવી નિર્બળતાને ઉત્પન્ન કરે છે. આવા આવા ન પસંદ પડે તેવા અનેક તફાવતો આ પ્રાણીમાં તે અધર્મ ઉત્પન્ન કરે છે, તેટલા માટે જે ધર્મના પ્રભાવથી આ સર્વ સંપત્તિઓ પ્રાણીઓને આવી મળે છે તેજ પ્રધાન પુરૂષાર્થ છે. અર્થ અને કામની પ્રાણી ગમે તેટલી વાંચ્છા કરે, પરંતુ ધર્મ વગર તે પ્રાપ્ત થતા નથી અને ધર્મ જે પ્રાણીમાં હોય છે તે એવી કોઇ પણ વસ્તુની ઇચ્છા કરે કે ન કરે તોપણ પોતાની મેળે સર્વ સુંદર વસ્તુઓ તેને આવી મળે છે. આ પ્રમાણે હોવાથી જે પ્રાણીઓ અર્થ કામ પુરૂષાર્થ સાધવાની ઈચ્છા રાખતા હોય તેમણે પણ ધર્મ પુરૂષાર્થ સાધવાની ખાસ જરૂર છે, તેટલા માટે ધર્મ પ્રધાન પુરૂષાર્થ છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત આનંદ રૂપ આત્માની મૂળ અવસ્થા પ્રગટ કરનાર મોક્ષ નામનો ચોથો પુરૂષાર્થ જો કે છે અને તે સર્વ પ્રકારના કલેશ સમૂહને કાપી નાખનાર હોવાથી અને સ્વાભાવિક આનંદ પોતે સ્વતંત્રપણે ભોગવી શકે એવી અતિ આહ્લાદજનક સ્થિતિ પ્રાપ્ત કરાવનાર હોવાથી મુખ્ય પુરૂષાર્થ તેજ છે, પરંતુ ધર્મ પુરૂષાર્થનું તે કાર્ય હોવાથી એટલે ધર્મ પુરૂષાર્થ સાધવાને પરિણામે મોક્ષ પુરૂષાર્થ પરંપરાએ સાધ્ય થતો હોવાથી જ્યારે એ પુરૂષાર્થ સર્વથી મુખ્ય છે એમ કહેવા લાગીએ ત્યારે પણ તેને પ્રાપ્ત કરાવનાર ધર્મજ પ્રધાન પુરૂષાર્થ છે એમ અર્થ બતાવાય છે. ભગવાન્ તીર્થંકર મહારાજ પણ તેટલા માટે કહી ગયા છે કે—

**धनदो धनार्थिनां धर्मः, कामार्थिनां च कामदोः ।**
**धर्म एवापवर्गस्य, पारम्पर्येण साधकः ॥ "**

'**ઉપમિતિ ભવપ્રપંચા કથા**' માંથી.

For Private And Personal Use Only